## આવતીકાલ ગુરૂવારે બપોરે વિજય મુર્હુતમાં ઉમેદવારીપત્રક રજૂ કરશે

# અમરેલી લોકસભાનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુરતીયાનો કાલે નગારે ઘા

**સવારે ૯ કલાકે લાઠી રોડ બાયપાસ પાસે હમીરસિંહજી સર્કલ ખાતે સભાનું આયોજન થયું**

**સભા બાદ વિશાળ બાઈક અને કાર રેલી સ્વરૂપે શહેરનાં રાજમાર્ગો પર ફરીને ઉમેદવારીપત્રક રજૂ કરશે**

**સભા અને રોડ શોમાં પરશોતમ રૂપાલા, દિલીપ સંઘાણી, નારણ કાછડીયા, ગોવિંદભાઈ ધોળકીયા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતનાં દિગ્ગજો જોડાશે**

**જિલ્લાનાં તમામ ધારાસભ્યો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ પણ વિશાળ સંખ્યામાં જોડાશે**

અમરેલી, તા. ૧૬



આવનાર લોકસભા ૨૦૨૪ની ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનાં સમર્થનમાં સુરત ખાતે વસવાટ કરતા અમરેલી લોકસભા ક્ષેત્રના પરિવારજનો ધ્વારા આયોજિત સ્નેહમિલન સંમેલન યોજાયું હતું. આ તકે અમરેલી લોકસભા ક્ષેત્રના પરિવારજનો ઉપસ્થિત રહીને સમાજના આગેવાનો અને વડીલો સાથે આત્મીય મુલાકાત કરવામાં આવી હતી. આ તકે અમરેલીથી પધારેલા અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસુરીયા, અમરેલી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, ધારાસભ્ય કુમારભાઈ કાનાણી, પ્રદેશ મંત્રી રઘુભાઈ હુંબલ, લાઠી–બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, મનુભાઈ કાકડીયા, સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં ચેરમેન મુકેશભાઈ સંઘાણી સહિતના આગેવાનો સુરત ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને આ તકે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા તેમજ પાંચેય ધારાસભ્યોનું બાળાઓ ધ્વારા સામૈયા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં લોકોએ અભૂતપૂર્વ સ્નેહ ભરતભાઈ સુતરીયાને આપ્યો હતો.

આવનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના અનુસંધાને મોદી જયારે ત્રીજી વાર વડાપ્રધાન બનવા જઈ રહ્યા હોય ત્યારે અમરેલી લોકસભા બેઠક પર મોટી સંખ્યામાં ભાજપ તરફી મતદાન કરાવીને તમામ મતદારો જ મોદીનો પરિવાર છે એવું ચરિતાર્થ કરવાની હાંકલ કરવામાં આવી હતી.

---

**ઉમેદવારીપત્રકમાં તમામ વિગતો રજૂ કરતાં કોંગી ઉમેદવાર**

## અમરેલી લોકસભાનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર ઉપર કોઈ ફરિયાદ નથી

**કોંગી ઉમેદવાર પાસે ૮ કરોડ ૪૪ લાખની સંપત્તિ**

અમરેલી, તા. ૧૬

અમરેલીના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન વિરજીભાઈ ઠુંમર ૪૦ વર્ષની વય ધરાવે છે. તેમણે લંડનની યુનિવર્સિટીમાંથી એચઆર વિષયમાં એમબીએ કર્યુ છે. કોઈપણ ગુનાહિત રેકોર્ડ ધરાવતા નથી. જેનીબેને પોતાના પરિવારની આવક અને સ્થાવર તથા જંગમ મિલકતોની વિગતો જાહેર કરી છે. જેમાં છેલ્લે ભરેલા આઈટી રિટર્ન મુજબ જેનીબેનની વાર્ષિક આવક રૂ. ૫ લાખ ૬૪ હજાર ૫૦ અને તેમના જીવનસાથીની આવક ૧૮ લાખ ૭૯ હજાર ૯૯૦ છે. તેમની જંગમ મિલકતોમાં જેનીબેન પાસે હાથ પરની રોકડ રૂ. ૨૦ લાખ ૬૦ હજાર ૩૧ છે અને તેમના જીવનસાથી



સંજયભાઈ બાબુભાઈ ચૌધરી પાસે ૧૩ લાખ ૭૬ હજાર ૯૫૮ રોકડ છે. જેનીબેનની બેંકમાં થાપણ રૂ. ૬ લાખ ૧૨ હજાર ૯૭૫ અને તેમના જીવનસાથીની કોઈ થાપણ દર્શાવી નથી. કંપનીઓમાં રૂ. ૨ લાખ ૯૧ હજાર ૨૦૦નું રોકાણ છે. બંનેની રૂ. ૨૭ લાખ ૧૧ હજાર ૧૮૩ની વીમા પોલિસી છે. કાર અને બાઈક મળીને ૧૫ લાખ ૩૫ હજારના વાહનો છે. બંને પાસે ૧ કિલો સોનું છે જેની કિંમત રૂ. ૭૦ લાખ છે. બંનેની મળીને રૂ. ૧ કરોડ ૨૧ લાખ ૨૯ હજાર ૯૧૩ની જંગમ મિલકતો છે.

સ્થાવર મિલકતોમાં વાવડી રોડ પર ખેતીની જમીન, માણસાના સમો ગામે જમીન, અમદાવાદમાં થલતેજ વિસ્તારમાં બંગલો વગેરે મળીને બન્ને પાસે કુલ ૭ કરોડ ૨૬ લાખ ૧૪ હજાર ૫૦૦ની સ્થાવરમિલકત છે. સ્થાવર જંગમ બંને મળીને કોંગ્રેસના ઉમેદવાર ૮ કરોડ ૪૭ લાખ ૪૪ હજાર ૪૧૩ રૂપિયાની સંપત્તિ ધરાવે છે.

---

**ત્રીજા એડિશ્નલ ચીફ જયુ. મેજી. દ્વારા**

## બગસરા નાગરિક શરાફી મંડળીના બાકીદારને ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજાનો હુકમ

**ચેકની રકમ ચુકવવા પણ આદેશ થયો**

અમરેલી, તા. ૧૬

તાજેતરમાં અમરેલીના રહેવાસી નરેશભાઈ ગીરધરભાઈ વિસાણી અનેક સંસ્થાઓ પાસેથી ધિરાણ લઈ રકમ ભરતાં ન હોય અમરેલીની બગસરા ના.શ.સ.મં.લી. માંથી રૂા.૧,૦૦,૦૦૦ /– નું ધિરાણ લઈ રકમ ન ભરતાં હોય મંડળીની વિનંતી બાદ આરોપીએ આપેલ ચેક પરત ફરતાં પુરાવાના અંતે આરોપીને અમરેલીના ત્રીજા એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયું. મેજી.એ એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની કુલ રકમ રૂા. ૧,૦૦,૧૯૩ ૯% ના વ્યાજ સાથે ચુકવવા હુકમ કરેલ છે.

આ ફરીયાદ મંડળીના ફીલ્ડ ઓફીસર અને શાખા સેકેટરી જયદીપભાઈ ધીરૂભાઈ નાકરાણીએ કરેલ હતી અને મંડળીના વકીલ તરીકે એ.સી.વરીયા રોકાયેલા હતા. કોર્ટ ને પણ ગણકારતા ન હોય તેવા રીઢા ગુનેગારો અને બીજા બાકીદારો માટે લાલબંતી સમાન આ ચુકાદો જોવા મળે છે તેમ મંડળીની યાદી જણાવે છે.

---

## લીલીયામોટા : ચેક રીટર્ન કેસમાં આરોપીને ૨ વર્ષની સજા

લીલીયામોટા, તા. ૧૬

લીલીયા મોટા ક્રિષ્ના કેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાં ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર વજુભાઈ લાલજીભાઈ મકવાણા રે. લીલયાનો ચેક રૂા. ૧,૫૩,૩૧૩/– નો ધીરાણની રકમ તથા તેખ પર વ્યાજ ગણી આપેલ ચેક રીર્ટન થતા લીલીયા મોટા ક્રિષ્ના કેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના માનદ મેનેજર જીતેન્દ્ર ડી. પાઠકે આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરીયાદ કેસ નં ૫૫૧/૨૦૨૩નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતા અદાલત દ્વારા વજુભાઈ લાલજીભાઈ મકવાણાને બે વર્ષની સજા કરવામા આવેલ અને ચેક રૂા. ૧,૫૩,૩૧૩ તથા તે પરનુ વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવલ જજ અને જડયુડીશ્યલ મેજીસ્ટ્રેટ હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમા ફફડાટ વ્યાપી ગયેલ છે.









---

**સંબધીઓ ઉપર દારૂનો કેસ કરતાં**

## ધારીનાં પોલીસ સ્ટેશનમાં અમરેલીનાં એક પરિવારે પોલીસકર્મી સાથે ઝપાઝપી કરી

**પોલીસે એક મહિલા સહિત ૪ સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા સમયથી પોલીસ સ્ટેશનમાં જ આરોપીઓ પોલીસ કર્મીઓ સાથે માથાકુટ કરતાં હોવાના બનાવો બનતા હોય. ત્યારે ધારી ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. ચેમ્બર પાસે જ આરોપીઓ દ્વારા પોલીસ કર્મી સામે જોરથી ગાળો બોલી ઝપાઝી કરી, મારામારી કરી જમીન ઉપર પછાડી દઈ ફરજમાં રૂકાવટ કરી, સરકારી પોલીસ કર્મચારી તથા અધિકારીને હાની પહોંચાડવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં અમરેલીમાં આવેલ ડોકટર સોસાયટીમાં રહેતા સુર્યકાંતભાઈ અમૃતલાલભાઈ વિસાણી, નિસર્ગભાઈ સુર્યકાંતભાઈ વિસાણી, નિકીતાબેન ડો/ઓ સુર્યકાંતભાઈ વીસાણી તથા ધર્મેશભાઈ નવીનભાઈ ભટ્ટી (રહે. રાજકોટ સ્પીકવેલ પાર્ટીપ્લોટ નાના મોવા) આરોપીઓના સંબધી ઉપર ધારી પોલીસ સ્ટેશનમાં પ્રોહી.નો કેસ કરેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી તા. ૧૪ ના સાંજે ૬:૫૦ વાગ્યે આરોપીઓએ પોતાનો સામાન ઈરાદો પાર પાડવા સારૂ ધારી પોલીસ સ્ટેશન ખાતે આવી, ધારી પોલીસ સ્ટેશનમાં આવેલ પી.આઈ. ચેમ્બરની બહાર જોર–જોરથી ગાળો બોલી ધારી પોલીસ સ્ટેશનમાં અના. હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા મનુભાઈ રામભાઈ માંગાણી સાથે ઝપાઝપી કરી, મારામારી કરી તેમને જમીન ઉપર પછાડી દઈ પોલીસ કર્મી તથા હાજર પોલીસ કર્મચારી તેમજ અધિકારી વચ્ચે પડતા તેઓ ઉપર પણ હુમલો કરી તેમની સાથે પણ ઝપાઝપી કરી ગાળો આપી પોલીસ કર્મીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી, સરકારી પોલીસ કર્મચારી તથા અધિકારીને હાની પહોંચાડવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ ધારી પોલીસમાં અના. હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા મનુભાઈ રામભાઈ માંગાણીએ નોંધાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ થોડા દિવસ પહેલાં રાજુલા પોલીસ આરોપીને પકડવા માટે તેમના ઘરે પહોંચતા આરોપી તથા તેમના પરિવારના સભ્યોએ પોલીસ ઉપર હુમલો કર્યો હતો. જયારે તે અગાઉ પણ ચલાલા પોલીસ સ્ટેશનમાં જ આવો બનાવ બનાવ પામેલ હતો.

---

**એસ.ટી.નાં સત્તાધીશો આળશ ખંખેરે**

## બગસરાનાં એસ.ટી. ડેપોની ગંદકી જાહેર માર્ગ ઉપર પહોંચતા નારાજગી

**આસપાસનાં દુકાનદારો ગંદકીથી ત્રાહીમામ**

બગસરા, તા. ૧૬

બગસરા એસ.ટી. ડેપોનાં ટોયલેટની ગંદકી બસ સ્ટેન્ડમાંથી બહાર નીકળીને રોડ ઉપર પહોંચતા આસપાસના દુકાનદારો, બસ સ્ટેન્ડમાં પેસેન્જર તથા રીક્ષા ચાલકો ગંદકીની દુર્ગંધ લઈ ત્રાહિમામ પોકારી ગયા. છેલ્લા ત્રણ દિવસથી ગંદકીની ભયંકર દુર્ગંધ મારતા આસપાસમાં લોકો મંદિરે, મસ્જિદે જવું હોય તો સવારે ન્હાઈ ધોઈને કમ્પલેટ થઈ રોડ ઉપર નીકળતા આ ગંદકીની અંદર પસાર થવું પડે છે. કારણ કે બસ સ્ટેન્ડની બાજુમાં રોડ નીકળતો હોય યા ગંદકી રોડ ઉપર ચડી જતા ઘોર બેદરકારી આ ડેપો મેનેજર દ્વારા જોવા મળ ી છે. આ ઉપરાંત એસ.ટી. ડેપોમાં પેશાબ માટેના બે રૂપિયા મહિલાઓ પાસે લેવામાં આવે છે અને લેટરીન માટે ૧૦ લેવામાં આવે છે. આ ઉપરાંત પેસેન્જર અને આસપાસના રહેવાસીઓને આ ભયંકર દુર્ગંધ મારતી ગંદકીનો સામનો કરવો પડે છે. ઉચ્ચ અધિકારીઓ શું કામ આવી મીલી ભગત ચલાવી રહ્યા છે તેઓ વેધક સવાલ બગસરાની સ્થાનિક પબ્લિક દ્વારા ઉચ્ચ અધિકારીઓ તથા સરકારને કરી રહી છે. સરકાર દ્વારા સફાઈ અભિયાન માટે લાખો રૂપિયાનો ખર્ચો કરવામાં આવે છે દર મહિને તેની ગ્રાન્ટ પણ આપવામાં આવે છે છતાં આવી મિલી ભગત શું કામ ચલાવી લેવામાં આવે છે. કોની લાગવક કે કોની ભલામણ શાહીથી આવું સરકારી ચોપડે સારૂં ચીતરવામાં આવે છે તેમ છતાં હવે પછી આ બાબતે પગલાં લેવામાં નહીં આવે તો મુખ્યમંત્રી ઓનલાઈન કાર્યક્રમમાં પણ જવાબ દેવા પડશે. તેમ બગસરાના જાગૃત નાગરિક દ્વારા પ્રેસમીડિયાને જણાવેલ છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

---

# અમરેલીનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરના સમર્થનમાં અનુ.જાતી વિભાગની બેઠક મળી



અમરેલી જિલ્લા કોંગ્રેસ અનુ. જાતી વિભાગના જિલ્લા પ્રમુખ હસુભાઈ બગડાની યાદી જણાવે છે કે તા. ૧૧/૪/૨૪ ના રોજ અમરેલી 'કિસાન ફાર્મ' ખાતે જિલ્લાના અનુ.જાતી વિભાગના હોદેદારોની એક વિશાળ બેઠક મળી હતી. જેમાં જિલ્લા કોંગ્રેસના નવનિયુકત ઉપપ્રમુખ શાંતીલાલ રાણવાનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાના ૬૧૩ ગામો પૈકી ૪૬૨ ગામોમાં દલીતોની વસ્તી છે જેમા એક લાખ મતદારો છે આ તમામ મતદારોને ઘેરે ઘેરે જઈ કોંગ્રેસ પાર્ટીનો સંકલ્પ, ઘોષણાઓ તથા હાલની ભાજપ / આરએસએસનો મુકત એજન્ડા એવા હિન્દુ રાષ્ટ્ર જાહેર કરી, સંવિધાન બદલવું મનુસ્મૃતિ દાખલ કરીને બંધારણે આપેલા હકો અને અધિકારને છીનવી લેવાના ષડયંત્રનો પર્દાફાશ કરીને જિલ્લાભરના એસસી, એસટી, ઓબીસી ને જાગૃત કરીને કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમરને જંગી બહુમતીથી જીતાડવા સંકલ્પ લેવામાં આવ્યો હતો. સમગ્ર જિલ્લાનો પ્રવાસ કરીને પ્રચાર કાર્ય ગોઠવવામાં આવ્યું ૧૦૦% ગામોને આવરીને વધુ મતદાન કોંગ્રેસ તરફી થાય તેવા નિર્ણયો કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં કે.કે.વાળા, અરવિંદભાઈ સીતાપરા, ડી.ડી. પરમાર, વાલજીભાઈ પરમાર, રમેશભાઈ પરમાર, દિનેશભાઈ સેજુ, ભુપેન્દ્ર સેજુ, પ્રહલાદ સોલંકી, અશોકભાઈ ચાવડા, જીગ્નેશ બગડા, તુષાર રાઠોડ, મહેન્દ્ર બોરીચા, શામજીભાઈ શેખવા, છગનભાઈ ચાવડા, રાજુભાઈ સોલંકી, મહેશભાઈ પરમાર, ડાયાલાલ મેતા, જીતુભાઈ રાણવા, ગોપાલભાઈ ચૌહાણ, મયુરભાઈ રાણવા, રાજેશ ખાંભુ, સંજય સેજુ વિગેરે જિલ્લાના તમામ હોદેદ્દારો હાજર રહતા. તેમ હસુભાઈ બગડા તથા શાંતીલાલ રાણવાની યાદી જણાવે છે.

### ક્ષત્રિયોને વિનંતી કરીને કહ્યુ, તમારા સાથની જરૂર

# ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ રાજકોટથી ઉમેદવારી ફોર્મ ભર્યું

### પરશોત્તમ રૂપાલાએ જણાવ્યુ કે, 'હું સમગ્ર ક્ષત્રિય સમાજને પણ વિનંતી કરવાના મતનો છું કે, અમારે આપ સૌના સાથની પણ જરૂર છે

રાજકોટ, તા.૧૬

ક્ષત્રિયોના ઝંઝાવતી વિરોધ વચ્ચે ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા આજે રાજકોટમાંથી ઉમેદવારી નોંધાવી દીધી છે. પરશોત્તમ રૂપાલાએ ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા સવારે જાગનાથ મંદિર ખાતે દર્શન કર્યા હતા. જે બાદ તેમણે સમર્થન રેલી પણ યોજી હતી. જેમા તેમની સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ જોડાયા હતા.

રૂપાલાને આ રેલીમાં મોટી સંખ્યામાં લોકોએ સાથ આપ્યો હતો. જે બાદ તેમણે જનમેદનીને સંબોધન પણ કર્યુ હતુ. આ સંબોધનમાં તેમણે ક્ષત્રિય સમાજને ભાજપ સાથે જોડાવવાની વિનંતી પણ કરી હતી.

જનમેદની સંબોધનમાં પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિયોને વિનંતી કરતા જણાવ્યુ છે કે, 'મંચ પર ઉપસ્થિત ક્ષત્રિય સમાજના અમારા આગેવોનોનું પણ હ્રદયપૂર્વક આભાર માનું છું. એમનો ધન્યવાદ માનું છુ. હું સમગ્ર ક્ષત્રિય સમાજને પણ વિનંતી કરવાના મતનો છું કે, અમારે આપ સૌના સાથની પણ જરૂર છે. દેશના હિત માટે, રાષ્ટ્રના હિત માટે મોટું મન રાખીને ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં આપ સૌ પણ જોડાવો એવી નમ્ર વિનંતી સાથે આપ સૌનો ખૂબ ખૂબ આભાર.' પરશોત્તમ રૂપાલાએ સમર્થન રેલીમાં શક્તિ પ્રદર્શન કરીને સભાના સંબોધનમાં મત અભિયાનને પ્રચંડ વેગ આપવાનું પણ જણાવ્યુ હતુ. નોંધનીય છે કે, આ સંબોધન કાર્યક્રમમાં ભાજપના ક્ષત્રિય આગેવાનો પણ હાજર રહ્યા હતા. આ સંબોધનમાં રૂપાલાએ મત આપવાના અભિયાનમાં જોડાવવાની અપીલ કરી છે. આ સાથે તેમણે સભામાં ઉપસ્થિત લોકોનો નતમસ્તક થઈને આભાર માન્યો છે.નોંધનીય છે કે, ભાજપે રાજકોટની બેઠક પરથી કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ તેમના નિવેદન બાદ ક્ષત્રિયોનો રોષ સાતમા આસમાને પહોંચ્યો છે. રૂપાલાના આ નિવેદન બાદ ક્ષત્રિયો એક જ માંગ કરી રહ્યા છે કે, રાજકોટની બેઠકના ઉમેદવાર બદલવામાં આવે. જો ઉમેદવાર બદલવામાં નહીં આવે તો તેમણે આંદોલન પાર્ટ ટુની ચીમકી પણ આપી છે. ત્યારે આજે પરશોત્તમ રૂપાલા પર સૌ કોઈની નજર રહેશે.

### અગાઉ ચૂંટણી લડવાનો કર્યો હતો ઇનકાર

# અમદાવાદ પૂર્વની બેઠક પર કોંગ્રેસે હિંમતસિંહ પટેલને ટિકિટ આપી

### હિંમતસિંહ કોંગ્રેસના કદાવર નેતાઓમાના નેતા માનવામાં આવે છેતેઓ અમદાવાદ શહેરના મેયર પણ રહી ચૂક્યા છે

અમદાવાદ, તા.૧૬

કોંગ્રેસે અગાઉ રોહન ગુપ્તાને આ બેઠક પર ટિકિટ આપી હતી. જો કે બાદમાં પિતાની માંદગીનો બહાનું આગળ કરીને રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો હતો.પછી થોડા દિવસ પહેલા તેમને દિલ્હીમાં ભાજપનો ખેસ પહેરી લીધો છે. હવે કોંગ્રેસે અમદાવાદ પૂર્વ બેઠક પર હિંમતસિંહ પટેલને ટિકિટ આપી છે.અમદાવાદ પૂર્વ બેઠક પર અંતે કોંગ્રેસ ફરી ઉમેદવારનું નામ જાહેર કર્યુ છે. રોહન ગુપ્તાના કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ કોંગ્રેસે હવે હિંમતસિંહ પટેલ પર દાવ અજમાવ્યો છે. કોંગ્રેસે અગાઉ રોહન ગુપ્તાને આ બેઠક પર ટિકિટ આપી હતી. જો કે બાદમાં પિતાની માંદગીનો બહાનું આગળ કરીને રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો હતો.પછી થોડા દિવસ પહેલા તેમને દિલ્હીમાં ભાજપનો ખેસ પહેરી લીધો છે. બાપુનગરના ધારાસભ્ય તરીકે હિંમતસિંહ પટેલ પહેલા જવાબદારી નિભાવી ચુક્યા છે. હિંમતસિંહ કોંગ્રેસના કદાવર નેતાઓમાના નેતા માનવામાં આવે છે.તેઓ અમદાવાદ શહેરના મેયર પણ રહી ચૂક્યા છે.હિંમતસિંહ પોતે અમદાવાદમાં રખિયાલમાં રહે છે. હિંમતસિંહનો જન્મ ૧૯૬૧ની ૧૨મી ડિસેમ્બરના રોજ અમદાવાદમાં થયો હતો. તેમના પિતાનું નામ પ્રહલાદભાઈ છે. તેમના પત્નીનું નામ કેસંતીબેન છે.હિંમતસિંહ પટેલે SSC(ધોરણ-૧૦) સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ વ્યવસાયે બિઝનેસમેન છે.હાલમાં હિંમતસિંહ અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ છે. તેઓ ઓલ ઈન્ડિયા મેયર કાઉન્સિલના વોઈસ ચેરમેન પણ રહી ચૂક્યા છે.તેમણે યુથ કોંગ્રેસના પ્રમુખ તરીકેની પણ જવાબદારી નિભાવેલી છે. હિંમતસિંહ ચાર ટર્મ કોર્પોરેટર તરીકે અમદાવાદ મહાનગર પાલિકામાં ચૂંટાઈ આવ્યા હતા.નાની ઉંમરથી જ હિંમતસિંહ રાજકારણમાં સક્રિય થઈ ગયા હતા. કોંગ્રેસ સાથે તેમનો જૂનો સંબંધ રહ્યો છે. હિંમતસિંહ ૨૦૧૪ની લોકસભા, ૨૦૧૭, ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી લડેલી છે. તેમણે ગ્રાઉન્ડ લેવલ પર લોકો માટે ઘણા સેવાકીય કામો કરેલા છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે કોંગ્રેસ દ્વારા ૭ કાર્યકારી પ્રમુખોને જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ પ્રમુખોમાં હિંમતસિંહને પણ સ્થાન મળ્યું હતું.

### નિમુબેન બાંભણીયાનો ક્ષત્રિયોએ વિરોધ કર્યો

# ભાવનગરના ભાજપ ઉમેદવારની સભામાં ક્ષત્રિય સમાજે કર્યો વિરોધ

### મનસુખ માંડવીયાના ભાષણમાં ક્ષત્રિય સમાજના યુવાનો સભા સ્થળે પહોચ્યા હતા

ભાવનગર, તા.૧૬

લોકસભાની ચૂંટણીની બ્યુગુલ ફુકાઈ ચૂંક્યુ છે. ગુજરાતમાં ઉમેદવારો તેમની ઉમેદવારી નોંધાવી રહ્યા છે. જો કે છેલ્લા થોડા દિવસોથી ગુજરાતભરમાં ક્ષત્રિય સમાજ પરશોત્તમ રુપાલાના નિવેદનને લઈને વિરોધ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે આ વિરોધનો ઊભરો આજે ક્ષત્રિય સમાજે ભાવનગરમાં ભાજપ ઉમેદવારની સભામાં ઠાલવ્યો હતો.

ક્ષત્રિય સમાજે આજે ભાવનગર બેઠક પર ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયાની સભામાં વિરોધ દર્શાવ્યો હતો. આ સભામાં પોરબંદર બેઠકના ઉમેદવાર અને ભાજપ સાંસદ મનસુખ માંડવિયા પણ હાજર હતા. આ સભા દરમિયાન જ ક્ષત્રિય સમાજે રુપાલા વિરુદ્ધ નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો.

મનસુખ માંડવીયાના ભાષણ દરમિયાન જ કર્યો હોબાળો

ભાવનગરના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયાની સભામાં ક્ષત્રિયોએ વિરોધ કર્યો છે. નામાંકન ભરતા પહેલા સભા યોજાઈ હતી જેમાં ક્ષત્રિય સમાજે વિરોધ દર્શાવ્યો હતો. મનસુખ માંડવીયાના ભાષણમાં ક્ષત્રિય સમાજના યુવાનો સભા સ્થળે પહોચ્યા હતા. તળાજા ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ ગોહિલે ચાલુ સભામાં રાજીનામું આપ્યું હતુ. કાળા કપડાં પહેરી ૨૦૦ કાર્યકર્તાઓ સાથે રાજીનામું આપ્યું હતુ. ક્ષત્રિય સમાજના યુવકે સ્ટેજ પર ચઢી નારા લગાવ્યા હતા.

ક્ષત્રિય સમાજે સભા સ્થળે આવીને રૂપાલા વિરુદ્ધ નારા લગાવ્યા હતા. જે પછી ભાજપને થોડી વાર માટે સભા રોકવાની ફરજ પડી હતી. લોકો એટલા ઉગ્ર બન્યો હતા કે ત્યાં પોલીસે પહોંચીને મામલો થાળે પાડ્યો હતો જેમાં ક્ષત્રિય સમાજના યુવાનોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને સ્થળ પર શાંતિ જાળવવા અપિલ કરવામાં આવી હતી.

### દિલ્હી સીએમએ મોકલ્યો ઇમોશનલ મેસેજ

# હું કેજરીવાલ દિલ્હીનો સીએમ છું, આતંકવાદી નથી

### તમે અરવિંદ કેજરીવાલ સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરી રહ્યા છો, શું તમને શરમ નથી આવતી : સંજયસિંહ

નવી દિલ્હી, તા.૧૬

અરવિંદ કેજરીવાલે જેલમાંથી એવો સંદેશ મોકલ્યો છે કે, હું કેજરીવાલ દિલ્લીનો સીએમ છું, આતંકવાદી નથી. આમ આદમી પાર્ટી (AAP)ના રાજ્યસભા સાંસદ સંજય સિંહે મંગળવારે (૧૬ એપ્રિલ) કહ્યું કે, દિલ્હીના મુખ્યમંત્રીએ જેલમાંથી લોકોને સંદેશ મોકલ્યો છે. તેણે કહ્યું છે કે મારું નામ અરવિંદ કેજરીવાલ છે, હું આતંકવાદી નથી.

પ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા સંજય સિંહે કહ્યું કે, તમે અરવિંદ કેજરીવાલ સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરી રહ્યા છો, શું તમને શરમ નથી આવતી. વડા પ્રધાનની તેમના પ્રત્યેની દુર્ભાવના એટલી વધી ગઈ છે કે, તેમના (કેજરીવાલ) પરિવાર અને બાળકો સાથે મુલાકાત કાચની દિવાલ દ્વારા કરવામાં આવી રહી છે.

તેમણે કહ્યું, "પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને Z Plus સુરક્ષા છે, જ્યારે તેઓ કેજરીવાલને મળ્યા ત્યારે તેમની વચ્ચે કાચની દિવાલ હતી. ભાજપે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ કરી દીધું છે કે તેને કેજરીવાલ પ્રત્યે તેમને નફરત છે. સંજય સિંહે કહ્યું કે, અરવિંદ કેજરીવાલને ૨૪ કલાક સીસીટીવી દેખરેખ હેઠળ રાખવામાં આવી રહ્યા છે અને તેમને ટોર્ચર કરવાની યોજના છે, તેમનું નિરાશ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને પરિવારનું અપમાન કરવામાં આવી રહ્યું છે. આ અરવિંદ કેજરીવાલ અલગ માટીના બનેલા છે, તેમણે IRS સેવા છોડી દીધી છે, તે તોડવાના પ્રયત્નોમાં વધુ મજબૂત બનશે.

ભગવંત માન અને સીએમ કેજરીવાલ ૧૫ એપ્રિલે તિહાર જેલમાં મળ્યા હતા. આ પછી માન ભાવુક દેખાતા બહાર આવ્યા. તેમણે કહ્યું કે અરવિંદ કેજરીવાલ સાથે જેલમાં સખત અપરાધી જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.નોંધનિય છે કે,કેન્દ્રીય તપાસ એજન્સી EDએ ૨૧ માર્ચે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી. આ પછી, કોર્ટે તેને બે અલગ-અલગ સુનાવણીમાં ૧ એપ્રિલ સુધી ઈડી રિમાન્ડ પર મોકલી દીધો. આ પછી, કોર્ટે તેને ૧ એપ્રિલના રોજ ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાર મોકલી દીધો. તેને ફરી એકવાર ૧૫ એપ્રિલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે તેને ૨૩ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા.

### આદિત્ય શ્રીવાસ્તવે ઓલ ઈન્ડિયા રેંક ૧ હાંસલ કર્યો

# UPSC સિવિલ સર્વિસીસ ૨૦૨૪નું પરિણામ જાહેર

### પરિણામ ચકાસવાના પગલાં કમિશનની સત્તાવાર વેબસાઇટ https://upsc.gov.in/ પર આપવામાં આવ્યા છે

અમદાવાદ, તા.૧૬

દેશની સૌથી અઘરી પરીક્ષા એટલે કે UPSC સિવિલ સર્વિસીસ ૨૦૨૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જે ઉમેદવારોએ ઈન્ટરવ્યુ આપ્યો હતો તેઓ સત્તાવાર વેબસાઇટની મુલાકાત લઈને પરિણામ ચકાસી શકે છે. પરિણામ ચકાસવાના પગલાં કમિશનની સત્તાવાર વેબસાઈટ https://upsc.gov.in/ પર આપવામાં આવ્યા છે. આ વખતે આદિત્ય શ્રીવાસ્તવે સિવિલ સર્વિસની પરીક્ષામાં ટોપ કર્યું છે. તે જ સમયે, અનિમેષ પ્રધાન બીજા સ્થાને છે. જ્યારે ડોનુરુ અનન્યા રેડ્ડી ત્રીજા સ્થાને છે. કુલ ૧૦૧૬ ઉમેદવારોની આખરે પંચ દ્વારા પસંદગી કરવામાં આવી છે. ૧૦૧૬ માંથી ૧૮૦ IAS માટે પસંદ કરવામાં આવ્યા હતા . જ્યારે ૨૦૦ IPS માટે પસંદગી પામ્યા છે. આદિત્ય શ્રીવાસ્તવે ઓલ ઈન્ડિયા રેંક ૧ હાંસલ કર્યો છે. આ વર્ષે, UPSC CSE-૨૦૨૩ પરીક્ષા માટે ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે ત્રણ તબક્કામા UPSC ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ વ્યક્તિત્વ કસોટીમાં કુલ ૧૦૨૬ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. UPSC CSE ૨૦૨૩ ની પ્રિલિમ પરીક્ષા ૨૮ મેના રોજ યોજાઈ હતી. છેલ્લા ૫ વર્ષમાં મહિલાઓની સફળતાનો દર વધ્યો છે . ૨૦૧૮ અને ૨૦૧૯માં મહિલાઓની પાસ થવાની ટકાવારી ૨૪% હતી. ૨૦૨૦ માં તે ૨૯% પર પહોંચી ગયો. જ્યારે ૨૦૨૧માં તે ૩ પોઈન્ટ ઘટીને ૨૬% થઈ ગયો. આ સિવાય ૨૦૨૨માં આ આંકડો ફરી એકવાર ૩૪% પર હતો. ગયા વર્ષે ૯૩૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ૩૨૦ મહિલાઓ હતી.ઉમેદવારો તેમની પરીક્ષા સંબંધિત કોઈપણ માહિતી માટે સંપર્ક કરી શકે છે. જેનો ટેલિફોન નંબર છે : ૦૧૧-૨૩૩૮૫૨૭૧/૨૩૩૮૧૧૨૫/૨૩૦૯૮૫૪૩. સગવડતા કાઉન્ટર તમામ કામકાજના દિવસોમાં સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.મી મેના રોજ યોજાઈ હતી. પ્રિલિમ્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજી હતી. આ પછી, મેન્સનું પરિણામ ૮મી ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું. મેન્સ માટે પર્સનાલિટી ટેસ્ટ ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે હાથ ધરવામાં આવ્યા હતા.ઈશિતા કિશોરે ૨૦૨૨માં ટોપ કર્યું હતું. જ્યારે ગરિમા લોહિયા બીજા સ્થાને રહી હતી. આ પછી ઉમા હારાથી એન અને સ્મૃતિ મિશ્રા આવ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૨૧માં ટોપર શ્રુતિ શર્મા હતી, ત્યાર બાદ ટોપ ત્રણ રેંક્માં અંકિતા અગ્રવાલે AIR ૨ અને ચંદીગઢની ગામિની સિંગલાએ ૩ રેંક હાંસલ કર્યો હતો.સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોને UPSC દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં ૧,૧૦૫ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. ભરતી દ્વારા, ભારતીય વહીવટી સેવા (IAS), ભારતીય વિદેશ સેવા (IFS), ભારતીય પોલીસ સેવા (IPS), ભારતીય મહેસૂલ સેવા (IRS) અને અન્ય કેન્દ્રીય સેવાઓ અને પોસ્ટ્સ પર નિમણૂકો કરવામાં આવશે.

### બાબા રામદેવે કહ્યું અમને કાયદાનું ઓછું જ્ઞાન છે

# સુપ્રીમ કોર્ટે બાબા રામદેવને પૂછ્યું તેમણે કોર્ટની અવમાનના કેમ કરી?

### બંનેના વકીલ મુકુલ રોહતગીએ કહ્યું હતું કે અમે સાર્વજનિક માફી માટે તૈયાર છીએ, જેથી લોકોને પણ ખબર પડે કે અમે સુપ્રીમના આદેશનું પાલન કરવા માટે ગંભીર છીએ

નવી દિલ્હી, તા.૧૬

પતંજલિની ભ્રામક જાહેરખબરના કેસમાં મંગળવારે (૧૬ એપ્રિલ) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અમાનુલ્લાહની ખંડપીઠે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને કહ્યું હતું કે તમારી ખૂબ પ્રતિષ્ઠા છે. તમે ઘણુ બધું કર્યું છે. બંનેના વકીલ મુકુલ રોહતગીએ કહ્યું હતું કે અમે સાર્વજનિક માફી માટે તૈયાર છીએ, જેથી લોકોને પણ ખબર પડે કે અમે સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા માટે ગંભીર છીએ. તેના પર જસ્ટિસ અમાનુલ્લાહે કહ્યું કે આ માટે તમને અમારી સલાહની જરૂર નથી. જસ્ટિસ કોહલીએ બાબા રામદેવને પૂછ્યું હતું કે શું તમે કોર્ટ વિરુદ્ધ જે કર્યું તે યોગ્ય છે? તેના પર બાબા રામદેવે કહ્યું કે અમારે એટલું જ કહેવું છે કે અમે જે પણ ભૂલ કરી છે તેના માટે અમે બિનશરતી માફી સ્વીકારી છે.જસ્ટિસ કોહલીએ કહ્યું હતું કે આ તમારા વકીલે કહ્યું છે. અમે જાણવા માંગીએ છીએ કે તમે અંડરટેકિંગના આગામી દિવસે પ્રેસ કોન્ફરન્સ શું વિચારીને કરી હતી. આપણા દેશમાં આયુર્વેદ ખૂબ જ પ્રાચીન છે. તે મહર્ષિ ચરકના સમયથી છે. દાદીમા ઘરગથ્થુ ઉપચાર પણ કરે છે. શા માટે તમે અન્ય પદ્ધતિઓને ખરાબ કહો છો? શું એક જ પદ્ધતિ હોવી જોઈએ? આ બાબા રામદેવે કહ્યું કે અમે આયુર્વેદ પર ઘણું સંશોધન કર્યું છે. તો ન્યાયાધીશે કહ્યું કે તે ઠીક છે. તમે તમારા સંશોધનના આધારે કાનૂની આધાર પર આગળ વધી શકો છો પરંતુ અમે જાણવા માંગીએ છીએ કે તમે આ કોર્ટની અવગણના કેમ કરી? તેના પર બાબા રામદેવે કહ્યું હતું કે અમને કાયદાનું ઓછું જ્ઞાન છે. અમે ફક્ત લોકોને અમારા સંશોધન વિશે માહિતી આપતા હતા. કોર્ટનો અનાદર કરવાનો કોઈ ઈરાદો નહોતો. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે તમે અસાધ્ય રોગોની દવાનો દાવો કરો છો. કાયદાકીય રીતે આવા રોગો માટેની દવાઓની જાહેરાત કરવામાં આવતી નથી. જો તમે દવા બનાવી હોત તો કાયદાકીય પ્રક્રિયા મુજબ સરકારને જાણ કરી હોત અને તેના પર આગળનું કામ થયું હોત. તેના પર બાબા રામદેવે કહ્યું કે અમે ઉત્સાહથી લોકોને અમારી દવા વિશે માહિતી આપી રહ્યા હતા. અહીં કોર્ટમાં આ રીતે ઊભા રહેવું મારા માટે પણ અશોભનીય છે. અમે ભવિષ્યમાં પાલન કરીશું.જસ્ટિસ અમાનુલ્લાહે કહ્યું કે તમારે એલોપેથીને ખરાબ કહેવાની જરૂર નથી. તમે સારું કામ કરી રહ્યા છો. તેને કરતા રહો. બીજા વિશે કેમ કંઈ બોલવું? તેના પર બાબા રામદેવે કહ્યું કે એલોપેથી અને આયુર્વેદ વચ્ચેનો સંઘર્ષ લાંબો છે. અમે ભવિષ્યમાં આવી ભૂલ નહીં કરીએ.જસ્ટિસ કોહલીએ કહ્યું હતું કે અમે એવું માની શકીએ નહીં કે તમારા વકીલોએ કોર્ટમાં અંડરટેકિંગ દાખલ કર્યા પછી પણ તમને કાયદાની જાણ થઈ નહોતી. તેથી અમે જોઈશું કે અમે તમારી માફી સ્વીકારીએ છીએ કે નહીં. આના પર બાલકૃષ્ણએ કહ્યું હતું કે પૂજ્ય સ્વામીજીનો પતંજલિના કાર્ય સાથે કોઈ સંબંધ નથી. તો જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું કે તમે આ દલીલ કરી રહ્યા છો. માફી માંગ્યા પછી દલીલ સ્વીકારવામાં આવતી નથી. સાથે જ બાબા રામદેવે કહ્યું કે હું એજ કહેવા માંગું છું કે અમે અમારી ભૂલ માટે માફી માંગીએ છીએ.બાબા રામદેવ અને બાલકૃષ્ણના વકીલ રોહતગીએ કહ્યું કે એક સપ્તાહનો સમય આપો. આ વચ્ચે અમે જરૂરી પગલા લઈશું. તેના પર જસ્ટિસ કોહલીએ કહ્યું કે ઠીક છે. અમે ૨૩ એપ્રિલે સુનાવણી કરીશું, તિરસ્કારના આરોપીઓએ પોતે જ કેટલાક પગલાં લેવાની વાત કરી છે. અમે આ તક આપી રહ્યા છીએ.

### ચાર રાજ્યોની સાત બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત

# ભાજપે ઉમેદવારોની ૧૨મી યાદી જાહેર કરી

### લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલથી શરૂ થવા જઈ રહ્યું છે ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે

નવી દિલ્હી, તા.૧૬

ભાજપે મંગળવારે (૧૬ એપ્રિલ) ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની ૧૨મી યાદી જાહેર કરી છે. આ યાદીમાં ચાર રાજ્યોની સાત બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ એવા રાજ્યો છે કે જેના માટે ભાજપે તેના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. પંજાબ માટે મહત્તમ ત્રણ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રની સતારા બેઠક પરથી છત્રપતિ ઉદયનરાજે ભોંસલેને ટિકિટ આપવામાં આવી છે, જેઓ છત્રપતિ શિવાજી મહારાજની ૧૩મી પેઢીમાંથી આવે છે. સતારાથી ભાજપના ઉમેદવાર બનાવાયેલા ઉદયનરાજે ભોસલે લાંબા સમયથી વિસ્તારના રાજકારણમાં સક્રિય છે. તેઓ હાલમાં રાજયસભાના સભ્ય પણ છે. મહારાષ્ટ્રમાં માત્ર એક સીટ માટે ઉમેદવારના નામની જાહેરાત કરવામાં આવી છે. સાથે જ પશ્ચિમ બંગાળની ડાયમંડ હાર્બર સીટ પરથી અભિજીત દાસને ટિકિટ આપવામાં આવી છે. તેમનો મુકાબલો ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જી સાથે થશે. તે જ સમયે, પંજાબની જે ત્રણ બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે તેમાં ખડૂર સાહિબ, હોશિયારપુર (અનુસૂચિત જાતિ) અને ભટિંડાનો સમાવેશ થાય છે. ભાજપે ખડુર સાહિબથી મનજીત સિંહ મન્ના મિયાવિંદ, હોશિયારપુરથી અનીતા સોમ પ્રકાશ અને ભટિંડાથી પરમપાલ કૌર સિદ્ધુને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. પૂર્વે છજી અધિકારી પરમપાલ કૌર સિદ્ધુ ગયા અઠવાડિયે જ ભાજપમાં જોડાયા હતા. તેણીને પંજાબ સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.ભાજપે ઉત્તર પ્રદેશની બે બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ઠાકુર વિશ્વદીપ સિંહને ફિરોઝાબાદથી ટિકિટ આપવામાં આવી છે, જ્યારે શશાંક મણિ ત્રિપાઠીને દેવરિયાથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. અહીંથી ભાજપના વર્તમાન સાંસદ રમાપતિ ત્રિપાઠીની ટિકિટ રદ કરવામાં આવી છે. ભાજપે અત્યાર સુધી યુપીમાં ૭૩ સીટો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. યુપીમાં લોકસભાની ૮૦ બેઠકો છે અને સૌથી વધુ લોકસભા સાંસદો ધરાવતું રાજ્ય છે.લોકસભા ચૂંટણી ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાના મતદાન સાથે શરૂ થશે. ગત વખતની જેમ આ વખતે પણ ૭ તબક્કામાં મતદાન થશે. ૪ જૂને પરિણામ જાહેર થશે.

### ભાજપ બંગાળમાં સતત મજબૂત થતાં મમતા બેનરજી સતર્ક થઈ ગયા

# બંગાળમાં મમતા બેનરજીએ રામનવમીની રજા જાહેર કરી

### આ વખતે લોકસભા ચૂંટણીમાં તેઓ ફરી બદલાઈ ગયા છે અને હિન્દુ મતદારો તરફ વળ્યા છે

બંગાળ, તા.૧૬

લોકસભા ચૂંટણી નજીક આવતા જ હિન્દુ પ્રત્યે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી નો પ્રેમ ઉભરાઈ ગયો છે. એક સમયે શ્રીરામના નારાથી ભડકી જતા મુખ્યમંત્રીએ હવે આવતીકાલે રામનવમીના તહેવારો રાજયમાં જાહેર રજા (Ram Navami Public Holiday) રાખવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં અત્યાર સુધી દુર્ગા પૂજા, કાળી પૂજા અને સરસ્વતી પૂજા જેવા તહેવારોમાં જાહેર રજાઓ રહેતી હતી અને રામનવમીના દિવસે તમામ સરકારી સંસ્થાઓ, સ્કૂલો-કોલેજો ચાલુ રહેતા હતા. જોકે હવે રામનવમીના દિવસે રાજ્યમાં જાહેર રજા રહેશે, તેથી પ્રથમવાર રાજયમાં રામનવમીના દિવસે તમામ સરકારી કાર્યાલયો અને સ્કૂલો-કોલેજો બંધ રહેશે.મમતા બેનરજી અગાઉ જય શ્રીરામના નારા સાંભળી ભડકી જતા હતા. ઘણીવાર એવું પણ બન્યું છે કે, જ્યારે મુખ્યમંત્રી ચૂંટણી પ્રચારમાં હોય કે પછી ક્યાંક કાફલો લઈને નિકળ્યા હોય અને કેટલાક લોકો જયશ્રી રામના નારા લગાવતા તો તેઓ સૂત્રોચ્ચાર કરનારાઓના કલાસ લઈ લેતા હતા. તેમણે વિધાનસભા ચૂંટણીમાં જાહેરમાં દુર્ગા સ્ત્રોતનો પાઠ કરીને પોતે હિન્દુઓના પાક્કા સમર્થક હોવાનું દેખાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ વખતે લોકસભા ચૂંટણીમાં તેઓ ફરી બદલાઈ ગયા છે અને હિન્દુ મતદારો તરફ વળ્યા છે. આ દરમિયાન તેમણે હિન્દુ મતદારોને રિઝવવા ઘણા મહત્વના નિર્ણયો પણ લીધા છે.ભાજપ બંગાળમાં સતત મજબૂત થતાં મમતા બેનરજી સતર્ક થઈ ગયા છે. ગત લોકસભા ચૂંટણી અને ત્રણ વર્ષ પહેલા યોજાયેલ વિધાનસભા ચૂંટણીમાં ભાજપે વધુ બેઠકો મેળવી હતી. આ જ કારણે મમતા બેનરજી શ્રી રામના નારા પ્રત્યે નારાજગી દેખાડી રહ્યા નથી. આ ઉપરાંત અયોધ્યામાં શ્રી રામ મંદિરનું નિર્માણ થયા બાદ ભારતીયોમાં છવાયેલી ખુશીની અસર પણ પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. સીએસડીએસના સર્વે મુજ દેશની લગભગ ૨૨ ટકા જનતાનું માનવું છે કે, ભાજપે રામમંદિરનું નિર્માણ કરાવી બહું મોટું કામ કર્યુ છે. વિપક્ષે રામ મંદિરના ઉદઘાટન સમારોહમાં ભાગ ન લઈને ભુલ કરી હતી અને તેમાં મમતા બેનરજી પણ સામેલ હતા અને આ કારણે ઘણા હિન્દુઓ નારાજ થયા હતા. ત્યારે હવે મમતા બેનરજીને લાગી રહ્યું છે કે, રામ નવમીના તહેવારે રજા જાહેર કરવાથી સ્થિતિને કંટ્રોલ કરી શકાશે.મમતા બેનરજીએ રામનવમીના દિવસે રજા જાહેર કરવા ઉપરાંત અન્ય ઘણા નિર્ણયો લીધા છે. બંગાળમાં હવે સરકારી ખર્ચે મંદિરો બની રહ્યા છે અથવા તો તેનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. આ ઉપરાંત નવરાત્રીમાં કાર્યક્રમ યોજવા સરકાર દુર્ગા સમિતિઓને પૈસા આપી રહી છે. એટલું જ નહીં રાજ્ય સરકાર ન્યૂ દીઘા રેલવે સ્ટેશન પાસે ૧૪૩ કરોડ રૂપિયાના ખર્ચે જગન્નાથ ધામ મંદિરનું નિર્માણ પણ કરાવી રહી છે.

# અમરેલીમાં વર્લ્ડ મેમણ ડે ની ઉજવણી કરવામાં આવી




અમરેલી, તા. ૧૬

અમરેલી મેમણ જમાત તથા એ.આઈ.એમ.જે.એફ. યુથ વિંગ દ્વારા આ વર્ષે મેમણ ડેમાં આવ્યો હતો. ઓલ ઈન્ડિયામાં મેમણ જમાત ફેડશન દ્વારા વલ્ડ મેમણ ડે ની ઉજવણી વર્લ્ડમાં કવરામાં આવે છે ૧૦ એપ્રિલ વર્લ્ડ મેમણ ડે માનવામાં આવે અને સૌરાષ્ટ્ર ના બધા જીલ્લા અને તાલુકામાં અલગ અલગ તારીખે માનવામા આવે અમરેલીમાં ૧૪ એપ્રિલ માનવામાં આવો અને બધી જગ્યા ઉપર સેવાના કામો થાઈ છે અમરેલીમાં દર વર્ષ મેમણ ડે ઉજવણી કરવામાં આવે છે જેમાં અમરેલી મેમણ જમાત અને યુથ વિંગ દ્વારા અમરેલી બેરા મૂંગા શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીને નાસ્તો કરાવી ઉજવણી કરવામાં આવી.

આ તકે ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેશન સૌરાષ્ટ્ર ઝોન ઉપપ્રમુખ યુનુસભાઈ દેરડીવાલા, અમરેલી મેમણ જમાત પ્રમુખ હાજી અમીનભાઈ નગરીયા, અમરેલી મેમણ જમાત ટ્રસ્ટી રાજુભાઈ મિલન, અભિયાન સેવા ટ્રસ્ટ પ્રમુખ રફીકભાઈ ચૌહાણ, પત્રકાર જાવેદ ખાન પઠાણ, ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડશન યુથ વિંગ સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર એડવોકેટ અજીમ લાખાણી, ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડશન યુથ વિંગ ઈન્ચાર્જ અક્રમ કલીમલી, ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડશન યુથ વિંગ અમરેલી સેક્રેટરી અસ્ફાક ધાનાણી, અમરેલી યુથ વિંગના સભ્ય અનીશભાઈ ઘાણીવાલા, શાદ ધાનાણી, અલ્ફાઝ, હાકિજ રિયાઝ, અજીમ, રમીજ, આયન, જુબેર મેમણ ઉપસ્થિત રહ્યા હતા.

### ચુનાવ પાઠશાળા થકી નાગરિકોને મળે છે મતદાનના મહત્વની સમજ

# અમરેલી : લોકસભાની ચુંટણી અનુસંધાને મતદારોને જાગૃત કરવા વિવિધ કાર્યક્રમો યોજાયા

## જિલ્લાનાં જુદા જુદા વિસ્તારોમાં કાર્યક્રમો યોજાયા

અમરેલી, તા. ૧૬

એપ્રિલ, ૨૦૨૪ (મંગળવાર) સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પોલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃતિ પ્રસરાવવામાં આવી રહી છે.ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે ખાનગી તબીબો સહભાગી થશે. તબીબીઓએ મતદાન માટે નાગરિકોને મતદાનના મહત્વ વિશે સમજાવી તેને મતદાન કરવા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે. અમરેલી તાલુકાના વાંકિયા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓ દ્વારા ગ્રામજનોને મહત્વ વિશે સમજાવી મતદાન કરવા માર્ગદર્શન આપ્યુ હતું. મતદાતા જાગૃતિ કાર્યક્રમમાં નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા. અમરેલીના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત એકમોમાં કાર્યરત શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિવિધ ઔદ્યોગિક એકમોના માલિકોને શ્રમિક–મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા અંગે સમજૂતી આપવામાં આવી હતી. શ્રમિકોએ મતદાન શપથ લીધા હતા.ધારી તાલુકાના લાખાપાદર ગામે ધારી તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો. ધારી તાલુકાના વિરપુર ગામે ધારી તાલુકા મામલતદારના અધ્યક્ષ સ્થાને "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓએ નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કર્યો હતો. મહિલાઓને મતનું મૂલ્ય સમજાવી મતદાન કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોએ મતદાન શપથ લીધા હતા. ખાંભા તાલુકાના નાના વિસાવદર મુકામે ખાંભા તાલુકા મામલતદારના અધ્યક્ષસ્થાને "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો. મતદારોને મતદાનનું મહત્વ સમજાવી, મતદાન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા.

સાવરકુંડલા શહેર વિસ્તારમાં ખેલ સ્પર્ધાના માધ્યમથી મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાવરકુંડલા નગરપાલિકા અને તાલુકા કક્ષાના ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓ દ્વારા નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવા અને મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.બાબરામાં મતદાન જાગૃતિ માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈક રેલીમાં લાઠી– બાબરા પ્રાંત અધિકારી, બાબરા તાલુકા કક્ષાએ ફરજ બજાવતા અધિકારી– કર્મચારીઓ આ બાઈક રેલીમાં જોડાયા હતા. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવાનો સંદેશ પ્રસરાવ્યો હતો. અમરેલી તા. ૧૬ એપ્રિલ, ૨૦૨૪ (મંગળવાર) સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પોલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃતિ પ્રસરાવવામાં આવી રહી છે.ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે ખાનગી તબીબો સહભાગી થશે. તબીબીઓએ મતદાન માટે નાગરિકોને મતદાનના મહત્વ વિશે સમજાવી તેને મતદાન કરવા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે.

અમરેલી તાલુકાના વાંકિયા ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી– કર્મચારીઓ દ્વારા ગ્રામજનોને મહત્વ વિશે સમજાવી મતદાન કરવા માર્ગદર્શન આપ્યું હતું. મતદાતા જાગૃતિ કાર્યક્રમમાં નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા. અમરેલીના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત એકમોમાં કાર્યરત શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિવિધ ઔદ્યોગિક એકમોના માલિકોને શ્રમિક–મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા અંગે સમજૂતી આપવામાં આવી હતી. શ્રમિકોએ મતદાન શપથ લીધા હતા.

ધારી તાલુકાના લાખાપાદર ગામે ધારી તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો. ધારી તાલુકાના વિરપુર ગામે ધારી તાલુકા મામલતદારના અધ્યક્ષ સ્થાને "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓએ નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કર્યો હતો. મહિલાઓને મતનું મૂલ્ય સમજાવી મતદાન કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોએ મતદાન શપથ લીધા હતા. ખાંભા તાલુકાના નાના વિસાવદર મુકામે ખાંભા તાલુકા મામલતદારના અધ્યક્ષસ્થાને "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમ યોજાયો. મતદારોને મતદાનનું મહત્વ સમજાવી, મતદાન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા. સાવરકુંડલા શહેર વિસ્તારમાં ખેલ સ્પર્ધાના માધ્યમથી મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાવરકુંડલા નગરપાલિકા અને તાલુકા કક્ષાના ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓ દ્વારા નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવા અને મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

બાબરામાં મતદાન જાગૃતિ માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈક રેલીમાં લાઠી– બાબરા પ્રાંત અધિકારી, બાબરા તાલુકા કક્ષાએ ફરજ બજાવતા અધિકારી– કર્મચારીઓ આ બાઈક રેલીમાં જોડાયા હતા. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવાનો સંદેશ પ્રસરાવ્યો હતો.

### જિલ્લા કોંગી ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાનું નિવેદન

# અમરેલી લોકસભાનાં અશિક્ષિત ઉમેદવાર પસંદ કરીને જિલ્લાને પછાત રાખવાનું ભાજપનું ષડયંત્ર

## કોંગ્રેસ પક્ષનાં ઉમેદવારને વિજેતા બનાવવા હાંકલ કરી

અમરેલી, તા. ૧૬

જિલ્લા કોંગી ઉપપ્રમુખ શાંતિભાઈરાણવાની યાદી જણાવે છે કે, અમરેલીમાં ભાજપના અનેક લાયક અને ઉચ્ચ શિક્ષણ મેળવેલા ઉમેદવારોને કાપીને ઓછું ભણેલ અને જેને બોલતા પણ આવડતું નથી એવા ઉમેદવારને પસંદ કરીને અમરેલી જિલ્લાને પછાત રાખવાનું ભાજપનું ષડયંત્ર છે જેનું જાહેર જનતાએ તથા તમામ મતદારોએ ગંભીર નોંધ લેવી જોઈએ. જયારે કોંગ્રેસે લંડનની યુનિવર્સિટીની માનવજાતના વિકાસની બે



માસ્ટર ડિગ્રી અને નિરમા યુનિવર્સિટીની કોમ્પ્યુટર વિજ્ઞાનની ડીગ્રી મેળવીને ઊંચ શિક્ષણ પ્રાપ્ત ઉમેદવાર જેનીબેન ઠુંમર છે જેમને વહીવટી અને ડિજિટલ દુનિયાના શિક્ષણનો અપાર અનુભવ છે તે આ જિલ્લાનો વિકાસ કરી શકે. છેલ્લા ૧૫ વર્ષથી ધો. ૯ પાસ સાંસદનો જિલ્લાને અનુભવ છે જેઓ જિલ્લામાં એકપણ ફોરલેન રોડ કે બ્રોડગેજ રેલ્વે લાવી શકયા નથી. ૧૫ વર્ષ જિલ્લાને હાલ ભારી પડી રહ્યા છે. આ બધી જ બાબતો વિચારીને લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અને જિલ્લાની એક શિક્ષિત અને હોંશિયાર દીકરીને જંગી બહુમતીથી જીતાડવા હાંકલ કરેલ છે.

# ઉનામાં રામનવમીના તહેવારને ધ્યાનમાં લઈ પોલીસ સર્તક



ઉના, તા. ૧૬

કોઈપણ ધર્મના કોઈપણ તહેવાર હોય ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે પોલીસ સતર્ક બનતી હોય છે. ત્યારે ઉના ખાતે રામનવમીને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી. રામ નવમીને લઈને ઉના શહેરમાં રેન્જ આઈ.જી એસ.પી.જાડેજા, ડી. વાય. એસ.પી. તેમજ એસ. આર.પી. ની એક ટીમ દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવી. ગત વર્ષે રામ નવમીના દિવસે કાજલ હિંદુસ્તાનીના ભાષણ બાદ હિન્દુ મુસ્લિમ વચ્ચે કોમી વિખવાદ ઊભો થયેલ જેને લઈ આ વર્ષે ચાપંતો બંદોબસ્ત ગોઠવવામાં અને આ અંગેની ભાળ મેળવવા રેન્જ આઈ.જી નિલેશ જાંજડિયા આવેલા અને શહેરની મુખ્ય બજારો અને સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ કાફલા સાથે ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ અને ઉના શહેર ફેરવાયું પોલીસ છાવણીમાં ફેરવાયું છે જૂનાગઢ રેન્જ આઈ.જી,ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જાડેજા તેમજ જિલ્લા પોલીસ કાફલો, તેમજ એસ.આર. પી.ટીમના જવાનો સાથે ઊનાની બજારોમાં ફલેગ માર્ચ યોજાઈ હતી જેમાં ઉનાની મુખ્ય બજારો અને સંવેદનશીલ વિસ્તારમાં ડ્રોન કેમેરાથી વિસ્તારનો તાદ મેળવ્યો હતો આ યોજાયેલ ફલેગ માર્ચ માં ૨૫૦ પોલીસ કર્મી, ૯પી.એસ.આઇ.,૪ પી આઇ,૧ ડીવાએસપી૧ ગર્વ ટીમ, ૧ પેરા મિલેટ્રી ટીમ અને જિલ્લા પોલીસ અધિક્ષક રામનવમીના તહેવારને લઈને ખડે પડે રહેશે આ સિવાય ૧૦૦ જેટલા સ્વયં સેવકો પણ વ્યવસ્થા ના ભાગ રૂપે હાજર રહેશે.

ગીર સોમનાથ જિલ્લાનું ઉના શહેર એક વર્ષથી જ સંવેદનશીલ મનાય છે. ત્યારે તહેવાર ટાણે કોઈ અસામાજિક તત્વ ભંગ ના પાડે તે માટે શહેરમાં પોલીસ દ્વારા ચુસ્ત પેટ્રોલિંગ હાથ ધરાતું હોય છે. ત્યારે સમગ્ર ઉના શહેરમાં પોલીસે ભ્રમણ કર્યુ હતું. જેને કારણે શહેરના માફિયાઓ ગેરકાયદેસર પ્રવૃત્તિ અચરનારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ત્યારે ઉના પી.આઈ.એમ.એન.રાણા, જેબલિયા સહિતના પોલીસની તહેવારોને લક્ષ રાખી સતર્કતા જોઈ આમ જનતામાં પણ ખુશી વ્યાપી

# સંપૂર્ણ આહાર દુધ, ગૌ માતાનું દુધ સર્વશ્રેષ્ઠ દુધ



અમરેલી, તા. ૧૬

દૂધ એ 'સંપૂર્ણ આહાર' તરીકે ઓળખાય છે. તેમાં વિટામિન 'સી' સિવાય તમામ વિટામિન રહેલા છે. સામાન્ય રીતે ભેંસ, ગાય અને બકરીના દૂધનો ઉપયોગ આહાર તરીકે થાય છે, જેમાં ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દુધને ખોરાકમાં રાજા ગણવામાં આવે છે, કારણકે દૂધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપૂર્ણ વિકાસ માટે સર્વોતમ છે. દૂધથી આપણા શરીરને ભરપૂર માત્રામાં કેલ્શીયમ મળે છે. દૂધમાં પ્રોટીનની માત્રા પણ સારા પ્રમાણમાં છે. સામાન્ય રીતે તેમાં ૮૫ % જેટલું પાણી હોય છે અને બાકીના ભાગમાં તમામ પોષક તત્વો હોય છે. દૂધમાં પ્રોટીન, કેલ્શીયમ તેમજ રીબોફલેવીન (વિટામીન બી) સૌથી વધારે પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત વીટામીન એ,ડી, કે અને ઈ તથા ફોસ્ફરસ, મેગ્નેશીયમ, આયોડીન તેમજ અન્ય ખનીજો અને ચરબી હોય છે. દૂધમાં રહેલું પ્રોટીન ઈન્ફેકશનથી પણ બચાવે છે. ઘણી એવી માન્યતાઓ છે કે દૂધ કેલ્યિશયમનાં કારણે સફેદ હોય છે, પરંતુ એવું નથી ગાયના દુધમાં દર લિટરે ૧.૨૭ ગ્રામ કેલ્શિયમ અને ૩૩ ગ્રામ કે તેથી વધુ પ્રોટીન હોય છે. પ્રોટીનની ઘણી જાત છે.

પરંતુ દૂધમાં કેસીન જાતનું પ્રોટીન હોય છે. આ જાતનું પ્રોટીન બીજા કોઈપણ ખાધપદાર્થમાં હોતું નથી. કેસીનની હાજરીથી દુધનો રંગ સફેદ હોય છે. ગાયનાં દૂધ કરતાં ભેસનાં દુધમાં કેસીનનું પ્રમાણ વધુ હોવાથી ભેસનું દૂધ વધુ સફેદ હોય છે. આયુર્વેદના જુદા જુદા ગ્રંથોમાં દશાવ્યા મુજબ દૂધમાં ગાયનાં દૂધને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ચરક સંહિતામાં જણાવ્યા મુજબ 'ગંવ્ય દશગુણં પયઃ' એટલે કે ગાયનાં દૂધમાં દશ ગુણ છે. મહર્ષિ ચરક અન્નપાન વિધિ વિષેનાં અધ્યાય (સૂત્રસ્થાન–અધ્યાય ૨૭)માં દૂધને 'ક્ષીરં જીવયતિ' કહીને તે જીવનદાતા હોવાનું જણાવે છે. દુધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપૂર્ણ વિકાસ માટે સર્વોતમ છે.

દુધમાં તમામ પોષક તત્વો હાજર હોય છે. આયુર્વેદ પ્રમાણે કહેવાય છે કે સવારે ખાલી પેટ દૂધ ન પીવું જોઈએ. સવારે દૂધ પીનારને ગેસની સમસ્યા થઈ શકે છે, પણ જેમની પાચનશકિત સારી છે તે સવારે નિયમિત રીતે દૂધ પી શકે છેઘ વ્યાયામ કરનાર લોકો માટે સવારે દૂધ પીવું નુકશાનદાયક નથી. નાસ્તો કર્યા બાદ મતલબ ચટપટુ કે નમક, મસાલાવળી વસ્તુઓ સાથે કે તે ખાધા પછી દૂધ ન પીવું જોઈએ. તેનાથી નુકસાન થઈ શકે છે. સૂતી સમયે દૂધ પીવાની એક શરત છે કે સાંજનું ભોજન કર્યા બાદ ત્રણ કલાક થઈ જવા જોઈએ, જેથી અમાશય ખાલી થઈ ચૂકયું હોય. સૂતી વખતે દૂધ પીવાથી લાભ થાય છે, કારણ કે દૂધ પીધા બાદ સૂઈ જવાથી કોઈ પદાર્થ પેટમાં જતો નથી અને દૂધ સહેલાઈથી પચી જાય છે અને ગુણકારી રહે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### બાળકો પાસે શૌચાલય સાફ કરાવતા હોય

# ઉના : ગીર ગઢડાનાં નીતલી પ્રાથમિક શાળામાં આચાર્ય સામે થયા ગંભીર આક્ષેપો

## શિક્ષણ વિભાગ દ્વારા આક્ષેપો અંગે તપાસ કરાઈ

ઉના, તા. ૧૬

ગીર જંગલને અડીને આવેલી ગીરગઢડા તાલુકાની નીતલી પ્રાથમિકશાળામાંધોરણ ૧ થી ૮ આવેલ છે. શાળામાં કુલ ૮૪ જેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાના આચાર્ય સામે અવાર નવાર વિદ્યાર્થીઓના વાલી દ્વારા ફરિયાદો ઉઠેલી. વાલીઓનું કહેવું છે સ્કૂલના આચાર્ય શોભનાબેન વિદ્યાર્થીને માથે ઉભા રહીને શૌચાલય સાફ કરાવે છે,




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

શૌચાલયના ઉપરના ભાગે આવેલા પાણીના ટાંકા સાફ કરાવે છે, અવાર નવાર વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની સાથે ગેરવર્તન કરતા હોવાની લેખિત ફરિયાદ ત્રણ માસ પૂર્વે કરાઈ હતી અને અનામી અરજી પણ કરાઈ હતી જેની તપાસ કરવામાં આવી હતી.

શાળાના આચાર્યના પતિ સવારથી જ શાળાએ આવી ગેટ પાસે બેસતા હોવાનો થયો આક્ષેપ.ગીર જંગલવિસ્તારને અડીને આવેલ નીતલી ગામનાં મોટાભાગના લોકો ખેતીવાડીના વ્યવસાય સાથે સંકળયેલા અને શ્રમિક અને અભણ હોય જે ખેતીવાડી વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારનો લાભ શિક્ષકો ઉઠાવીને સરકારીપ્રાથમિક શાળામાંઆવતી સરકારીગ્રાન્ટ અને સામગ્રીનો લાભ શાળાનાં વિદ્યાર્થીઓ સુધી પહોંચે અને શિક્ષણ સાથે બાળકોનું ભાવીનું ઘડતર થાય તેવાં પ્રયાસ કરવાનાં બદલે શાળામાં વિવાદો વકરે અને સંખ્યા ઓછી થાય તેવી પ્રવૃત્તિ માં રચ્યા પચ્યા રહેતા હોવાનાં ગંભીર આક્ષેપ સાથે સમગ્ર ગ્રામજનો દ્વારા તંત્રને રજૂઆત કરવામાં આવી છે. શાળાના વાલીઓ સાથે આચાર્ય અને તેનાં પતિ દ્વારા મનફાવે તેવું વર્તન કરી શાળા સરકારની નહીં પણ પોતાની ખાનગી પેઢી હોય તેમ ચલાવીને શાળાએ આવતાં વાલીઓને બોનાફાઈડ દાખલા, એલ.સી. કાઢી આપવાનું કહી દેવા ધમકાવતા હોવાના પણ આક્ષેપ અને ફરિયાદ થઈ છે પણ કોઈ કાર્યવાહી થઈ નથી. જો આ સ્થિતિ રહી તો છાત્રો ખાનગી શાળામાં અભ્યાસ અર્થે ચાલ્યા જશે જેવી ચર્ચાઓ પણ થઈ રહી છે.

**હરીશ ભાઈ વાઢેર (ટી.પી.ઓ. ઉના–ગીર ગઢડા તાલુકા)**



ગીર ગઢડા તાલુકાના નીતલી ગામે પ્રાથમિક શાળાના આચાર્ય શોભનાબેન સોજીત્રા વિરૂદ્ધ એક અનામી અરજી મળેલ અને જેના આધારે આજે શાળાની તપાસ કરતા જયાં બાળકો, સ્ટાફ અને આચાર્ય શોભનાબેનના નિવેદનો લેવામાં આવ્યા. નિવેદનો ઉપરથી અને મળી આવેલ વાલીની ઓડિયોકિલપ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે આચાર્ય દ્વારા વિદ્યાર્થીના વાલી સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કર્યું છે એ અનુસંધાને કાયદેસરની કાર્યવાહી કરવા માટે જિલ્લા કક્ષાએ ડી.પી.ઓ. કચેરીને વધુ તપાસ કરવા જણાવી આપ્યું છે. વિદ્યાર્થીઓ પાસે શાળાની સાફ સફાઈ કરવામાં આવતી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. વિદ્યાર્થીના વાલીએ તેમજ શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓ અને સ્ટાફ સાથે ફરિયાદના આધારે નિવેદનો લેવામાં આવ્યા અને વાત કરવામાં આવી. વિદ્યાર્થીના વાલી ત્રણ મહિના પૂર્વે ઉના પ્રાંત અધિકારીને કરવામાં આવેલ અને ત્યાં થી એ અરજી જિલ્લા શિક્ષણ અધિકારીને મોકલવામાં આવેલ અને ત્યાંથી આ અરજી તાલુકા ટી.પી.ઓ.ને હમણાં થોડા દિવસ પહેલા જ મળેલી અને તેના અનુસંધાને જ તપાસ હતી. ઉના અને ગીરગઢડા તાલુકાની શાળાના શિક્ષકો દ્વારા આવું અભદ્ર અને ગેર વ્યાજબી વર્તન થવાના કિસ્સા સામે છે એ અંગે અમુક શિક્ષકો મનસ્વી વર્તન ધરાવતા શિક્ષકો આવું કરતા હોય છે. તાલુકાનાં કેળવણી નિરીક્ષક સુધી કોઈ વાત મળતા આવા શિક્ષકોની સામે પગલાં લેવામાં આવે છે અને નીતલી શાળાના આચાર્ય શોભાનાબેન સામે જિલ્લા શિક્ષણ અધિકારી ને યોગ્ય લાગશે તે પગલાં આવનારા સમયમાં લેવાશે.

**શોભનાબેન સોજીત્રા (નીતલી પ્રાથમિક શાળા)**



વિદ્યાર્થીઓ પાસે પાણીના ટાંકાની સાફ સફાઈ કરાવેલ આ અંગે અનામી અરજી થયેલ જે અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ થતા તાલુકા શિક્ષણ અધિકારી આવેલા તેમણે વિદ્યાર્થીઓ અને વાલીઓના નિવેદનો લીધેલા. આ સાફ સફાઈ અંગેની ભૂલ થઈ હોય તેવું સ્વીકારી મારૂં નિવેદન આપેલું અને સાહેબની અને વાલીઓની માફી પણ માંગેલી.

**હેત કલ્પેશભાઈ ભેડા (નિતલી પ્રા.શાળા વિદ્યાર્થી)**



શાળાનાં આ વિદ્યાર્થી દ્વારા શાળાના ઓરડાની સાફ સફાઈ કરાવવામાં છે અને શાળાના વિદ્યાર્થીને આચાર્ય શોભનાબેન દ્વારા માર મારતા હોવાનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલ્પેશ ભેડા (વિદ્યાર્થીના પિતા–સ્થાનિક)**



વિદ્યાર્થીના માતાએ વિદ્યાર્થીની રજૂઆત કરતા નીતલી પ્રાથમિક શાળાના આચાર્યએ વિદ્યાર્થીના માતા સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરેલું. જયારે શાળાએ વિદ્યાર્થીની માતા ગયેલ ત્યારે આ શાળાના આચાર્ય ના પતિ પણ ત્યાં હાજર હતા અને એ પણ ગેરવર્તન કરતા હોવાના તેમજ લિવિંગ સર્ટિફિકેટ કાઢી આપશે તેવું કહેલના આક્ષેપ થયા અને આ અંગે લેખિત ફરિયાદ કરેલ. અરજી કર્યાના ૩ મહિના બાદ કોઈ જવાબ ના આવ્યો. અધિકારીઓ આવેલા અને આ અરજીના નિવેદનો લેવામાં આવ્યા. નીતલી શાળાના આચાર્ય શોભનાબેન સાથે તેમના પતિ દ્વારા પણ ગેરવર્તન કર્યુ હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. શાળાના આચાર્યના પતિ આચાર્યને શાળા મૂકવા આવતા ત્યારે એ અવારનવાર ત્યાં જોવા મળેલ. ફોન ઉપર કે કોઈ કારણસર આચાર્યને રજુઆત કરતા ગેરવર્તન કરતા હોવાના થયાં આક્ષેપો.

# લીલીયા મોટા ખાતે પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ યોજાયું



લીલીયા, તા. ૧૬

લીલીયા મોટા ખાતે રેન્જ આઈજી ગૌતમ પરમાર,એસપી હિમકર સિંહ,ડીવાયએસપી ચિરાગ દેસાઈના ઓની સુચના અને માર્ગદર્શન મુજબ લીલીયા મોટા ખાતે રામનવમી તહેવારને અનુલક્ષી રામનવમી શોભાયાત્રાના રૂટ પર પીએસઆઈ એસ. આર. ગોહિલનાઓનાં અધ્યક્ષ સ્થાને ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું તહેવાર શાંતિમય વાતાવરણમાં ઉજવાય અને ભાઈચારો જળવાય રહે તેવા શુભ હેતુથી ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ઉના : ભારતીય ચલણની ૫૦૦ની બનાવટી નોટ સાથે એક ઈસમને ઝડપી લેતી પોલીસ

ઉના, તા. ૧૬

ગીરસોમનાથ એસ.ઓ. જી.ના પોલીસ ઈન્સ. જે.એન.ગઢવી, પો.સબ ઈન્સ. વી.કે. ઝાલાના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. શાખાના–એ.એસ. આઈ. ઈબ્રાહિમશા બાનવા, દેવદાનભાઈ, કુંભરવાડીયા, ગોવિંદભાઈ રાઠોડ, મેરામણભાઈ શામળા, પો.હેડ કોન્સ. ગોપાલભાઈ મોરી, હસમુખભાઈ ચાવડા, ગોપાલભાઈ મકવાણા, પ્રકાશભાઈ સોલંકી, હેડ કોન્સ. અસ્મિતાબેન ચાવડા, પો.કોન્સ. ધર્મેન્દ્રસિહ ગોહીલ, મેહુલસિહ પરમાર, મહાવિરસિંહ જાડેજા, એલ.સી.બી. શાખાના પો.હેડ કોન્સ. રાજુભાઈ ગઢીયા સહિતનો પો.સ્ટાફ ઉના વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમ્યાન એ.એસ.આઈ. ઈબ્રાહીમશા બાનવા, પો.હેડ કોન્સ.હસમુખભાઈ ચાવડા, પો.કોન્સ.ધર્મેન્દ્રસિંહ ગોહીલને ૫૦૦ ના દરની ડુપ્લીકેટ ભારતીય ચલણની નોટો એક યુવક પાસે હોવાની બાતમી મળતા બાતમી આધારે ઉનાની મુખ્ય બજાર માંથી આ યુવકને શોધી કાઢી તપાસ કરતા તેમની પાસેથી ૫૦૦ દરની ૧૬ નોટો જે કુલ ૧૬ હજાર ભારતીય ચલણની ડુપ્લીકેટ નોટો સાથે હરેશભાઈ ધુળાભાઈ સોલંકી, ઉવ.૩૫, રહે.ભવનાથ પોલીસ સ્ટેશનસામે, જુનાગઢ વાળાને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# અમરેલીનાં વોર્ડ–૨ માં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવારની સભા યોજાઈ



અમરેલીમાં ચિતલ રોડ વોર્ડનંબર–૨ખાતેઆવેલઓમનગર રામાપીર મંદિર પટાંગણમાં મોદી પરીવાર સભા યોજાયેલ હતી. આ તકે સભામાં ઉપસ્થિત વિસ્તારના હોદેદારો, આગેવાનો, વોર્ડ નંબર–૨ના નગરસેવકો, કાર્યકર મિત્રો, મહિલા મોરચો, મહિલા મંડળો તેમજ વિસ્તારના મતદાર વડીલો, માતાઓ, ભાઈઓ–બહેનો અને અમેઘ ગૃપના સાથી મિત્રો હાજર રહેલ હતા. આ તકે લોકોને મોદી સરકારની યોજનાઓ અને ગેરંટી તેમજ વિકાસલક્ષી માર્ગદર્શન ભાજપના આગેવાન એવા અનિભાઈ સાવલીયા, મનીષભાઈ સંઘાણી, મેહુલભાઈ ધોરાજીયા, ભાવેશભાઈ સોઢા, બીપીનભાઈ લીંબાણી, સુરેશભાઈ શેખવા, તુષારભાઈ જોષી, રાજેશભાઈ માંગરોળીયા, સંજયભાઈ વણજારા, વિશાલભાઈ ઠાકર, નરૂભા પરમાર, તુલસીભાઈ મકવાણા, રવિરાજભાઈ શેખવા, કાશ્મીરાબેન વ્યાસ, મંજુલાબેન પંડયા, અલ્કાબેન દેસાઈ, રક્ષાબેન વરે, હર્ષાબેન ગોસાઈ, દક્ષાબેન ત્રિવેદી, ઉષાબેન વસાણી, વિરલભાઈ પરીખ, દીપભાઈ વાછાણી, રાજદીપભાઈ ધાધલ, ટોમબાપુ અગ્રાવત, અમિતભાઈ રાજપરા, ભાર્ગવભાઈ પંચોલી, અમિતભાઈ પાનેરી, જીતુભાઈ બથવાર, જીગ્નેશભાઈ દાફડા, હિતેશભાઈ પરમાર સહિત તાજેતરમાં રાષ્ટ્રવાદી ભાજપ પક્ષમાં પ્રવેશ કરેલ દેવરાજભાઈ બાબરીયા, શરદભાઈ મકવાણા, જયરાજ મૈયાત્રા, જય લેઉવા સહિતની ટીમ વોર્ડ નંબર–૨ હું છુ મોદીનો પરિવાર સભા કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર.

### સ્થાનિક વેપારીઓમાં જબ્બરો ઉત્સાહ

## બગસરા : ચેમ્બર ઓફ કોમર્સની ચુંટણીમાં ૧૫ બેઠક માટે ૩૪ ઉમેદવારી પત્રક

### આગામી શનિવારે મતદાન શરૂ થશે

બગસરા, તા. ૧૬

ચેમ્બર ઓફ કોમર્સની વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ ની ટર્મ પુરી થતા આગામી ટર્મ ૨૦૨૪ થી ૨૦૨૭ ત્રણ વર્ષ સુધીની મુદત માટે કા.સભ્યોની ચૂંટણી માટેનુ જાહેરનામુ ચુંટણી અધિકારી મહેશભાઈ વ્યાસ દ્રારા પ્રસિધ્ધ કરી દરેક સભ્યોને રૂબરૂ જાણ કરવામા આવેલ. ચુંટણી માટે ફોર્મ ભરવાની મુદત પુરી થયા બાદ ચકાસણી કરતા તમામ ૩૪ ઉમેદવારોના ફોર્મ મંજુર કરવામા આવેલ. ચેમ્બર ઓફ કોમર્સમાં પહેલીવાર મોટી સંખ્યામા ચુંટણી લડવાનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બે વેપારી પેનલો વચ્ચે હરિફાઈ હોવાથી બન્ને તરફથી જોરશોરથી પ્રચાર કરવામા એવી રહ્યો છે. ચેમ્બર આફ કોમર્સની ટર્મ પુરી થતા ચેમ્બરના દરેક ૬૦૫ સભ્યોને ભેટનુ વિતરણ કરવામાં આવેલ. નવી કારોબારી સમિતિની ચુંટણી માટે મતદાન માટેનો સમય તા.૨૦.૪.૨૪ ને શનિવારના રોજ સવારે ૯:૩૦ થી સાંજના ૫:૩૦ વાગ્યા સુધી રહેશે. જેમા ફકત ચેમ્બરના નોંધાયેલ ૬૦૫ સભ્યો મતદાન કરી શકશે. તેજ દિવસે સાંજે ૭:૩૦ કલાકે ચેમ્બર આફ કોમર્સની વાર્ષિક સામાન્ય સભાનુ આયોજન સંસ્થાના પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાના અધ્યક્ષ સ્થાને કરવામા આવેલ છે. સાધારણ સભા બાદ ચેમ્બરના દરેક સભ્યો માટે ભોજન રાખવામા આવેલ છે. મતદાન તેમજ સામાન્ય સભાનુ સ્થળ દશાશ્રી માળી જૈન ભોજનશાળા, જામકાના જાંપે રાખેલ છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગા, મંત્રી ઈશાભાઈ ભારમલ, પુર્વ મંત્રી વિનુભાઈ ભરખડા તેમજ કા. સભ્યો જહેમત ઊઠાવી રહ્યા છે.

### રાજકોટ લોકસભામાં વિજેતા થવાનાં આશીર્વાદ સાથે

## અમરેલીનાં કોંગી ઉમેદવાર જેની ઠુંમરે પોતાનાં રકતથી યુવા નેતા પરેશ ધાનાણીને તિલક કર્યુ

### રાજકોટની ધરતી ઉપર જબ્બરી ટકકર થવાનાં એંધાણ

અમરેલી, તા. ૧૬

રાજકોટ લોકસભા બેઠક માટે ભાજપ દ્વારા અમરેલીના પરશોતમભાઈ રૂપાલાનું નામ જાહેર થયા બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા પણ અમરેલીમાંથી પરેશ ધાનાણીને મેદાનમાં ઉતરશે તેવી ચર્ચાના અંતે આખરે કોંગ્રેસ દ્વારા પરેશ ધાનાણીનું નામ સતાવાર રીતે રાજકોટ લોકસભા બેઠક માટે જાહેર કરતાં અમરેલી તથા રાજકોટ બંને જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે.

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરેશ ધાનાણીનું નામ જાહેર થયા બાદ અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પરેશ ધાનાણીનું અદકેઢં સન્માન અમરેલી લોકસભા બેઠકના કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર દ્વારા પોતાના અંગુઠામાંથી રક્ત લઈ અને રક દ્વારા તિલક કરી કરવામાં આવ્યું હતું.

ત્યારે અનેક બહેનોના ભાઈ એવા જવતાલિયાં ભાઈને પરેશ ધાનાણીને વિજયી ભવઃના આશીર્વાદ આપ્યા હતા.



### ઉમેદવારના ચુંટણી ખર્ચ સંબંધિત

## આદર્શ આચાર સંહિતાને લગતી ફરિયાદ માટે ટોલ ફ્રી નં. ૧૮૦ ૨૩૩ ૨૮૯૨ પર સંકર્પ કરવા અનુરોધ

અમરેલી તા. ૧૬

એપ્રિલ, ૨૦૨૪ (મંગળ વાર) આગામી લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ આદર્શ આચાર સંહિતા અંગે ઉમેદવાર કે રાજકીય પક્ષના ચૂંટણી ખર્ચ અંગે, ચૂંટણીને લગતી ગેરરીતિઓ અંગેની વિગતો આપવા જાહેર જનતા માટે અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાએ ફરિયાદ પર દેખરેખ–નિયંત્રણ કક્ષ અને કોલ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. આ માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ (૨૪×૭) કાર્યરત છે. લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે આદર્શ આચાર સંહિતા, ઉમેદવારના ચૂંટણી ખર્ચ સંબંધિત કે ચૂંટણી લક્ષી અન્ય કોઈ ટેલિફોનિક ફરિયાદ નોંધાવવી હોય તો આ ટોલ ફ્રી નંબરનો ઉપયોગ કરવા અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં અનરોધ કરવામાં આવ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરામાં શાંતિ સમિતિની**

ઉપાડી લેવામાં આવી હતી અને આગેવાનો પત્રકારો ડેલે હાથ દઈને આવ્યા તેવું લાગ્યું આવું જ જો કરવાનું હોય તો આગેવાનો ને ફોન કરી પોતાનો કિંમતી સમય બગાડવા માટે આ મિટિંગમાં શું કામ બોલાવવા જોઈએ પીએસઆઇ પૂછતા તેમણે કહ્યું કે મારે બહાર જવાનું છે એટલા માટે તાત્કાલિક પૂર્ણ કરેલ તો પછી આ શાંતિ સમિતિ મીટીંગનં શું મહત્વ તેઓ વેધક સવાલ આગેવાનો અને પત્રકારો કરી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં ગોરડકાના રેવન્યુ વિસ્તારમાં**

ગુના નં–૦૧/૨૦૨૪–૨૫, તા. ૧/૪/૨૦૨૪ થી ગુનો નોંધી અને આરોપીની શોધખોળ કરતા આ ગુના કામના ૩ આરોપીઓ પૈકી અગાઉ બે આરોપીઓ હાથ લાગેલ જેને કોર્ટમાં રજુ કરતા જેલ હવાલે કરેલ અને તેમની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવેલ છે. તેમજ અન્ય એક આરોપી અજીતભાઈ ઉર્ફે ડોઘલ કીશોરભાઈ પરમાર જે પોલીસના પોકસો હેઠળ ના ગુના માં સંડોવાયેલ હોય, કોર્ટની જયુડીશ્યલ કસ્ટડીમાંથી તા. ૧૫/૪/૨૪ના કબ્જોમેળવી તપાસ ના કામે અટકમાં લઈ આગળની તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આમ આ ગુના કામના ત્રણેય આરોપીઓને પકડવામાં સફળતા મળેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં આજે શ્રીરામ જન્મોત્સવની**

બાબરા, દામનગર, લીલીયા સહિતનાં તાલુકા કક્ષા અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ભગવાન શ્રી રામનાં જન્મોત્સવને લઈને જબ્બરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને ઠેકઠેકાણે શોભાયાત્રા, મહાઆરતી સહિતનાં કાર્યક્રમોનું આયોજન કરાયું હોય આબાલ–વૃધ્ધ સૌ કોઈ ભગવાન શ્રી રામનાં રંગે રંગાઈ જશે.

**દામનગર**

દામનગર શહેરની મધ્યમાં આવેલ શ્રી રામજી મંદિરથી રામનવમી ઉત્સવ સમિતિ આયોજીત દ્વારા આવતીકાલ બુધવારે બપોરના ૩ કલાકેથી શોભાયાત્રા પ્રસ્થાન થશે. તેમાં શણગારાયેલ ૩ ટ્રેકટર, ૧ બગીમાં વેશભૂષા સાથે ડી.જે.નાં તાલે જય જય શ્રી રામના નાદ સાથે ઝાંપાના હનુમાનજી મંદિર, હવેલી–ઝાપાના મેલડીમાંનુ સ્થાનક–સરદાર સર્કલથી વૈજનાથ મહાદેવ મંદિર, જૂનું બસ સ્ટેન્ડ, જૈન વાડી, જૂનું શાક માર્કેટ, ઉન્ડપાશેરી, જીનની જાળી, છભાડિયા રોડ– સ્વામિનારાયણ મંદિર, રામાપીરનું મંદિર, બહારપરા, શરમાળિયા પરા, સીતારામ નગર, ભૂરાખિયા રોડ– લટુરીયા હનુમાનજી મંદિર, ભુરખીયા ચોકડી (રામચોક), નગરપાલિકા વિસ્તારથી સરદાર સર્કલે શોભાયાત્રા સંપન્ન થશે. બપોરના બાર કલાકે અને સાંજના શ્રી રામજી મંદિરે આરતી કરવામાં આવશે. શ્રી રામ નવમી ઉત્સવ ઉજવવા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.


**સંકુલ KG થી ધો. ૧૨ – ગુજરાતી મિડીયમ ફી 24–25**

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| નર્સરી KG 1-2 | ૧૬૦૦ | ધો. ૧૧–૧૨ કોમર્સ | ૪૬૦૦ |
| ધો. ૧ થી ૫ | ૨૬૦૦ | ધો. ૧૧–૧૨ સાયંસ | ૧૨૯૦૦ |
| ધો. ૬ થી ૮ | ૩૧૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| ધો. ૯–૧૦ | ૩૭૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| ધો. ૧૧–૧૨ આર્ટસ | ૪૨૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad009


### લોકસભાની ચુંટણીને લઈને ધમધમાટ

## અમરેલી લોકસભા મત વિસ્તાર માટે ૩ વ્યક્તિઓએ ૪ ફોર્મ ઉપાડયા

### ૪ વ્યક્તિઓએ ૯ ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી

અમરેલી, તા. ૧૬

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે ૧૪–અમરેલી લોકસભા મત વિસ્તાર માટે તા. ૧૬ એપ્રિલ, અને મંગળવારના રોજ ૪ ફોર્મ ઉપડ્યા હતા. જેમાં બહુજન મુક્તિ પાર્ટીના ૧ વ્યક્તિએ ૧, અપક્ષની બે વ્યક્તિએ ત્રણ, એમ ૩ વ્યક્તિઓએ ૪ ફોર્મ ઉપાડ્યા હતા.

વધુમાં આજે તા. ૧૬, મંગળ વારનાં રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના જેનીબેન ઠુંમર દ્વારા ૪ ફોર્મ તથા તેમના ડમી ઉમેદવાર તરીકે વિરજીભાઈ ઠુંમર દ્વારા ત્રણ ઉમેદવારીપત્રો મળી કોંગેસ દ્વારા ૭ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જયારે રાષ્ટ્રવાદી રક્ષક પાર્ટીની એક વ્યક્તિએ એક, બહુજન સમાજવાદી પાર્ટીની એક વ્યક્તિએ એક, એમ ૪ (ચાર) વ્યક્તિઓએ નવ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા.

### સમતા સૈનિક દળ દ્વારા

## બાબરા ખાતે ડો. બાબાસાહેબની જન્મજયંતીએ ભવ્ય રેલી યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતી બાબરા મુકામે ડો. બાબાસાહેબ આંબેડકરે સ્થાપેલ સમતા સૈનિક દલ એસએસડી અને દલિત વિકાસ સમિતિ બાબરા દ્વારા ખુબ જ ધામધૂમથી ઉજવવામાં આવી. સમતા સૈનિક દળના સૈનિકો મધુવન પાર્ક ખાતેથી પરેડ કરી આંબેડકર ચોકમાં ડો. બાબાસાહેબની પ્રતિમાને સલામી આપવામાં આવી. સમતા સૈનિક દળના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પી.એલ. મારૂ દ્વારા બાબાસાહેબ ની પ્રતિમાને ફૂલ હાર કરવામાં આવ્યા. અમદાવાદ મેઘવાળ સમાજના પ્રમુખ અરવિંદભાઈ પરમાર, નગરપાલિકા સદસ્ય નરેશભાઈ મારૂ, ભુપેન્દ્રભાઈ બસિયા, શંભુભાઈ પાચાણી, ભરતભાઈ રંગપારા, ગંભીરસિંહ સોલંકી, ખોડલભાઈ મકવાણા, ધમાભાઈ વાવડીયા, બાવકુભાઈ બસિયા, ભુપતભાઈ બસિયા, અનિભાઈ મકવાણા, અરવિંદભાઈ પરમાર, મહેશભાઈ ચૌહાણ, તાલુકા પંચાયત નિવૃત્ત અધિકારી બી.એલ. મારૂ, સોમાભાઈ સોઢળીયા, મંગાદાદા મારૂ, જહાભાઈ ખીમસુરીયા, યોગેન્દ્રભાઈ મારૂ, જેન્તીભાઈ ચાવડા, સમતા સૈનિક દળના માસ્ટર ટ્રેનર મહેશભાઈ ચાવડા, વિનુભાઈ ચાવડા, દેવશીભાઈ મારૂ, દિનેશભાઈ પરમાર, જયંતીભાઈ ચાવડા, રાજુભાઈ બગડા, દિનેશભાઈ ખુમાણ, ભગવાન મુકેશ, રાજુભાઈ સાગઠીયા, ભીખાભાઈ દાફડા, ગોવિંદભાઈ ખીમસુરીયા, મેરામભાઈ ખીમસુરીયા, મેઘાભાઈ ખીમસુરીયા, અજયભાઈ પરમાર, સંજયભાઈ ચાવડા, ભરતભાઈ બથવાર, અમરશીભાઈ સોંધરવા, દેવશીભાઈ સરવૈયા, કાળુભાઈ મારૂ, મુકેશભાઈ મારૂ, રમેશભાઈ રાઠોડ, હસુભાઈ મારૂ, રમેશભાઈ ખીમસુરીયા, મુકેશભાઈ ખોખરીયા, બીપીનભાઈ રાદડિયા, રસિકભાઈ ગોજારીયા, વકીલ સુસરાભાઈ, વકીલ જાળવાનીભાઈ, પ્રતાપભાઈ ખાચર વિગેરેએ બાબસાહેબની પ્રતિમાને ફૂલહાર કરેલ હતા. સમતા સૈનિક દળના તાલુકા પંચાયત બાબરા ટેકનિકલ આસિસ્ટન્ટ એન્જિનિયર કુશલ મારૂ, રાહુલ મારૂ, દીપક મારૂ, લખન પરમાર, જગદીશ પરમાર, હિતેશ મારૂ, કૌશિક મારૂ, નિલેશ મારૂ, પ્રતાપ રાઠોડ, વિજય મારૂ, નીતિન મારૂ, સાહિલ પંડયા, રજત પંડયા, રાકેશ પરમાર, ઉમેશ પરમાર, અજય પરમાર, સુરેશ પરમાર, રમેશ પરમાર, હિંમત મયાત્રા વિગેરે દોઢસો જેટલા સૈનિકોએ બાબાસાહેબની પ્રતિમાને સલામી આપેલ હતી.

બાબરા શહેરના રાજ માર્ગો ઉપર ખુબ મોટી સંખ્યામાં ફોર વ્હીલ અને ટુ વ્હીલની રેલી જય ભીમના નારા સાથે કાઢવામાં આવી. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેતીમાને ફૂલહાર કરવામાં આવ્યા. ત્યાર બાદ ચરખા ડો. બાબસાહેબની પ્રતિમાને સલામી આપી આ રેલી ઊંટવડ, કોટડાપીઠા, કર્નુકી, ગરણી પહોંચેલ હતી. ગરણી મુકામે અરજણભાઈ સોહલિયા તેમજ સોહલીયા પરિવાર દ્વારા રેલીમાં જોડાયેલ અઢીસો ભીમ સૈનિકો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. ત્યાંથી રેલી પાનસડા મુકેશ નરેશભાઈ સોંધરવા દ્વારા આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. ત્યાંથી ઘૂઘરાળા મુકામે કિશોરભાઈ માધડ દ્વારા ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આમ આ રેલીનું બાબરા તાલુકાના ગામોએ ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું.

# વડિયામાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવાર સભા યોજાઈ



સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ હાલ પૂર બહારમાં જામતો જોવા મળી રહ્યો છે ત્યારે દરેક રાજકીય પક્ષ પોતાના કાર્યકર્તાને માર્ગદર્શન આપવા અને મતદારોને આકર્ષવા માટે ચૂંટણીલક્ષી કાર્યક્રમ કરતા જોવા મળી રહ્યા છે તે અંતર્ગત અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાના કૃષ્ણપરામાં આવેલી પટેલ વાડી સ્થિત ભાજપ દ્વારા મોદી પરિવાર સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સભામાં તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા દ્વારા શાબ્દિક સ્વાગત કર્યા બાદ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક એવા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા લોકસભા ચૂંટણી માટે કાર્યકર્તાને આળસ ખંખેરી દેશ હિતમાં મહેનત કરવા હાકલ કરાઈ હતી તો પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડ દ્વારા કેન્દ્ર સરકારની વર્તમાન યોજનાઓ અને ભાવી યોજનાઓ વિશે માહિતી આપી દેશમાં ફરી ભાજપ ને ભારે લીડ સાથે બહુમતીથી ચૂંટી કાઢવા અપીલ કરવામાં આવી હતી આ સભા માં નાયબ મુખ્ય દંડક કેશિકભાઈ વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમ્મર, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકાપંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા અનિઢદ્ધભાઈ બોરીચા સહીત મોટી સંખ્યમાં આગેવાનો અને ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીગનાં વિદ્યાર્થીઓ જોડાયા

# અમરેલી : ડો. જીવરાજ મહેતા સરકારી પોલીટેકનિક કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ યોજાઈ

## આદિત્ય ઈલેકટ્રિકલ કંપનીની મુલાકાત લેવામાં આવી

અમરેલી, તા. ૧૬

ડો. જીવરાજ એન. મહેતા સરકારી પોલીટેકનિક છેલ્લા ૪૦ વર્ષ થી અમરેલી જિલ્લાની એકમાત્ર સરકારી પોલીટેકનીક કોલેજ અવિરત પણે હજ્જારો વિદ્યાર્થીઓને રોજગારલક્ષી ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે પોતાનું અનુપમ યોગદાન આપી રહી છે. આ સંસ્થા ટેકનિકલ શિક્ષણ નિયામક ગાંધીનગર હેઠળ કાર્યરત છે, તેમજ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજયુકેશન દ્વારા માન્યતા ધરાવતી સંસ્થા છે અને ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ સાથે જોડાયેલી છે.



આ સંસ્થાના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના બીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રિયલ વિઝીટનું આયોજન સંસ્થાના પ્રીન્સીપાલ બી. પી. રાવલ તથા ખાતાના વડા એચ. બી. રેણુકાની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ભાગ રૂપે, તેમજ ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્સ્ટિટ્યૂટ વચ્ચેનો સેતુ મજબૂત થાય એ હેતુથી પ્રોફેસર ડી. એલ. જોષી, પ્રોફેસર વિ. એમ. વાણીયા અને પ્રોફેસર આર. વી. કોઠીવાળના માર્ગદર્શન અનુસાર ડિપાર્ટમેન્ટના ૨૫ વિદ્યાર્થીઓ દ્વારા શહેરની નામાંકિત આદિત્ય ઈલેક્ટ્રિકલ કંપનીની મુલાકાત લીધી હતી. જેમાં પાવર ટ્રાન્સફોર્મર તેમજ ડિસ્ટ્રિબ્યૂશન ટ્રાન્સફોર્મર ના વિવિધ ટાઈપ, પાર્ટ, ફોલ્ટ, ઈન્સુલેટીંગ મટેરિઅલ્સ, વાઈન્ડીંગ કનેક્શન, ટ્રાન્સફોર્મર ઓઈલ, બ્રીધર અને ટેસ્ટિંગ, તેમજ વાયર મેન્યુફેક્ચરિંગ યુનિટનું વિશેષ માર્ગદર્શન વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ મેળવ્યું હતું. આ તકે કંપની ઓનર ભાર્ગવ કાબરીયાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયેલ હતો.

## મેલડીમાની ચિરોડી કલરની રંગોળી



બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાં ના ધાર્મિક મહોત્સવમાં મેલડીમાંની ચિરોડી કલરની આબેહૂબ રંગોળી બનાવી ચમારડીના બાલચિત્રકાર હરેશ મકવાણા દ્વારા મેલડીમાંનું ચિત્ર તૈયાર કરાયું.


લાખણોત્રા પરિવાર દ્વારા

# રાજુલાનાં કોવાયા ખાતે આસ્થાભેર શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ થયો

## પૂ. જીજ્ઞેશદાદા સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહયા છે

રાજુલા, તા. ૧૬

રાજુલા તાલુકાના દરિયા કિનારે આવેલ કોવાયા ગામે પિતૃઓના મોક્ષાર્થે સ્વ. વાજસુરભાઈ નાકરાભાઈ લાખણોત્રા તથા સ્વ. સાવજભાઈ વાજસુરભાઈ લાખણોત્રા પરિવાર અરજણભાઈ બાધાભાઈ લાખણોત્રા તથા નક્ષભાઈ તથા સુમરાભાઈ દ્વારા આગામી ૧૪ એપ્રિલ થી ૨૩ એપ્રિલ સુધી શ્રીમદ્ ભાગવત કથાનો અસ્થાભેર પ્રારંભ કરવામાં આવશે. આ શ્રીમદ્ ભાગવત કથાના વકતા રાધે રાધે જીજ્ઞેશદાદા કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે.



શ્રીમદ્ ભાગવત કથાને લઈને સમસ્ત કોવાયા ગામ એ એક જુથ થઈને છેલ્લા કેટલાય દિવસો થી રાત – દિવસ તડામાર તૈયારીઓ કરી રહયા હતા. તે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

આગામી બુધવારના રોજ સવારે ૮ : ૩૦ કલાકે કથાની પોથી યાત્રા યોજાશે. જે પોથી યાત્રા સમગ્ર કોવાયા ગામમાં દ્વારા અને ત્યાર બાદ કથાના મુખ્ય યજમાન અરજણભાઈ બાધાભાઈ લાખણોત્રાના માધવ નિવાસ સ્થાન વાજતે ગાજતે પધારશે. અને ત્યારબાદ શ્રીમદ્ ભાગવત કથા સુપ્રસિધ્ધ વકતા શ્રી રાધે રાધે જીજ્ઞેશદાદા દ્વારા કથાનો પ્રારંભ કરી અને કથાનું રસપાન કરવામાં આવશે.

કોવાયામાં અરજણભાઈ બાધાભાઈ લાખણોત્રા દ્વારા પિતૃઓના મોક્ષાર્થ જે રાધે રાધે જીજ્ઞેશદાદાની શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે.


તેમાં સર્વ ધર્મપ્રેમી જનતાને ખુબ મોટી સંખ્યાનાં કથાનું રસપાન અને પ્રસાદ લેવા પધારવા કથાના યજમાન પરિવાર બાધાભાઈ વાજસુરભાઈ લાખણોત્રા રામભાઈ અરજણભાઈ,નક્ષભાઈ, સુમરાભાઈ, બાબુભાઈ, બાવાભાઈ, ભગુભાઈ દ્વારા જાહેર જનતાને ભાવભર્યુ આમંત્રણ પાઠવેલ છે.

૧૭ એપ્રિલ, ''રામનવમી''

# અયોધ્યાનાં વાસી રામ, રઘુકુળનાં કહેવાયા રામ, પુરુષોમાં છે ઉતમ રામ, સદાય લ્યો હરી રામનું નામ

અમરેલી, તા. ૧૬

રામનવમી એ ભગવાન શ્રી રામનો જન્મદિન છે. આ દિવસે ભગવાન વિષ્ણુનાં સાતમા અવતાર તરીકે ભગવાન રામનો જન્મ થયો હતો. આ દિવસ રામકથાના પઠન–પાઠન દ્વારા ઉજવાય છે. ભારતીય પરંપર દ્વારા રામાયણ અને મહાભારતને ઈતિહાસ માનવામાં આવે છે. લોકો રામ મંદિરોમાં પૂજન–અર્ચન, દર્શનાથે જાય છે અથવા ઘરમાં પૂજા–અર્ચનાં પણ કરે છે. રામ ભગવાનની બાલમૂર્તિની સેવા–પૂજા તથા પારણાનાં દર્શન પણ કરાય છે. લોકોઆ દિવસે વ્રત ઉપવાસ પણ કરે છે. શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર જયારે સમાજમાં સત્ય ઉપર અસત્ય, પ્રમાણિકતા ઉપર અપ્રામાણિકતા, સદાચાર ઉપર દુરાચાર અને ઋષિ સંસ્કૃતિ ઉપર દૈત્ય શકિતઓ હાવી થવા લાગી ત્યારે પ્રભુ શ્રી રામે ચૈત્ર સુદ નવમીનાં દિવસે બપોરનાં બાર વાગ્યે અસુરી શકિતનો નાશ કરવા માટે જન્મ લીધો હતો. શ્રી રામનાં આ જન્મ દિવસને ઉતરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી બધા રામનવમી તરીકે આજે પણ ધામધુમથી ઉજવે છે. આ રામનવમી માત્ર શ્રી રામનાં જીવનની જ નહી પણ એક એવા પુત્રની પણ આપણને યાદ અપાવે છે, જેમાં એક વ્યકિતએ પિતા, માતા, ગુરુ, પત્ની, નાનભાઈ ભાડું પ્રત્યેની ફરજો ઉપરાંત કુટુંબ તેમજ સમાજ પ્રત્યેની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવા તેમણે કોઈ પણ પરિસ્થિતિમાં એમની મર્યાદા નથી છોડી. એમના અલૌકિક સ્વભાવ, અદભૂત કાર્ય, અદ્વિતીય વીરતા, અનુકરણીય સહનશીલતા, વિનમ્રતા, ધર્મ–પ્રિયતા, પરોપકાર, સ્વાર્થ–ત્યાગથી લોકોના મનમાં તેમના પ્રત્યે અતિ પ્રેમ બનાવી લીધો હતો માટે જ ભગવાન રામ ને મર્યાદા પુરુષોતમ કહેવામાં આવે છે. રામનવમી વ્રતના



પ્રારંભે ભાવિક ભકતો, ઉપાષકો, આરાધકો અને રામાયણનાં પ્રખર અભ્યાસીઓ શ્રીરામ ના જપ, રામ નામની માળા, રામ નામનું લેખન, રામનું ભજન–કીર્તન, રામચરિત માનસ – રામાયણનું વાચન, રામ પંચાયતન (રામ, લક્ષ્મણ, સીતા, ભરતજી, શત્રુઘ્ન અન. હનુમાનજી)નું અર્ચન–પૂજન, ધૂપ–દીપ અને નૈવેધ સમર્પણ વ્રત ચૈત્ર સુદ નોમના ભકિત ભાવથી કરે છે. રામનામ અદભુત સંજીવની છે, અમોઘ શસ્ત્ર છે, મહાન લોકો, પાપથી દૂર રહે છે, એક દુઃખ પછી પણ લોકો સુખના સૂરજનાં રૂપે ઈશ્વર તરફ દ્રષ્ટિ નાખે છે. આ શ્રધ્ધા જ તેમને જીવનના મોટા મોટા દુઃખોને જીરવવાની શકિત આપે છે. શ્રીરામનું જીવન માણસને આદર્શ જીવન જીવવાની રાહ ચીંધે છે. ભગવાન રામનાં જીવનના દરેક પ્રસંગો આપણને કોઈને કોઈ સંદેશો આપી જાય છે.

# લીલીયા : ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ મળી શકશે

લીલીયા, તા. ૧૫

ઔદ્યોગીક તાલીમ સંસ્થામાં લીલીયામાં પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરવી. ઔદ્યોગિક તાલીમ સંસ્થા લીલીયામાં વિવિધ પ્રકારના જીસીવીટી વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે પ્રવેશસત્ર – ૨૦૨૪માં ભરવાપાત્ર બેઠકો માટે પ્રવેશ મેળવવા માંગતા ધો. ૮ પાસ તેમજ ધો. ૧૦ પાસ ઉમેદવારો માટે તા. ૦૧/૦૪/૨૦૨૪ થી http://itiadmission.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તથા સંસ્થા ખાતે રજીસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા ચાલુ છે.

ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૩/૦૬/૨૦૨૪ સાંજના ૫.૦૦ કલાક સુધી હોય, સંસ્થાના કોપા (૧૦ પાસ), મિ.ડીઝલ (૧૦ પાસ), વાયરમેન (૮ પાસ), સુઈંગ ટેકનોલોજી(૮ પાસ) જેવા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ સબમીટ કરવાનું રહેશે. વધુ માહિતી માટે આઈ.ટી.આઈ લીલીયા રૂબરૂ સંપર્ક કરવા આચાર્યશ્રીની યાદી જણાવે છે.

# જિલ્લા આગામી તા. ૩૦ એપ્રિલ સુધી સભા સરઘસ અને હથિયારબંધી


અમરેલી તા. ૧૬

એપ્રિલ, ૨૦૨૪ (મંગળ વાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અને વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ–શાંતિ જળવાય રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ– ૧૯૫૧ કલમ–૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે અમરેલી જિલ્લામાં તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૪ સુધી અમલી રહેશે.

જિલ્લામાં સભા–સરઘસ હથિયારબંધી, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી–પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી કર્મચારીને શારીરિક અશકત વ્યકિતઓને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ કલમ – ૧૩૧ અને કલમ–૧૩૫ અન્વયે સજા દંડને પાત્ર છે.

લોકસભા ચુંટણી ૨૦૨૪

# તબીબો સાથે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો



અમરેલી તા. ૧૬

એપ્રિલ, ૨૦૨૪ (મંગળ વાર) સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (એસ.વી.ઈ.ઈ.પી.) અને ટર્ન આઉટ ઈમ્પોલિમેન્ટેશન પ્લાન (ટી.આઈ. પી.) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃતિ પ્રસરાવવામાં આવી રહી છે. આ કડીના ભાગરુપે ખર્ચ અને ટર્ન આઉટ ઈમ્પોલિમેન્ટેશન પ્લાન (ટી.આઈ.પી.) નોડલ અધિકારી અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીની પરિમલ પંડયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે 'ચુનાવ પાઠશાલા' કાર્યક્રમમાં અમરેલીના તબિબોને આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે તબિબઓને સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ આગામી લોકસભાની ચૂંટણી દરમિયાન વધુમાં વધુ મતદાન માટે તબીબોના સહયોગ અંગે ચર્ચા કરી હતી. અમરેલી લોકસભા મતવિસ્તારમાં કાર્યરત તબીબો તેમની સાથે સંકળાયેલા નાગરિકોને લોકશાહીના મહાપર્વમાં મતદાન માટે જાગૃતિ કરવા માટે અગત્યની ભૂમિકા ભજવી શકે છે. તબીબો નાગરિકોને સ્વાસ્થ્ય સેવા પૂરી પાડે છે. મતદાન જાગૃતિ માટે પણ સેવા આપી અને મતદાન માટે જાગૃતિ પ્રસરાવશે. આ બેઠકમાં આઈએમએ અમરેલીનાં તબીબો દ્વારા સ્વૈચ્છીક રીતે વધુમાં વધુ મતદાન થાય તેની જનજાગૃતિમાં સહયોગ આપવા સહમતી આપવમાં આવી હતી. આ બેઠકમાં આઈ.એમ. એમ. અમરેલીના ડો.જી.જે. ગજેરા પ્રમુખશ્રી આઈએમએ જનરલ સર્જનશ્રીઓ રેડીયોલોજીસ્ટરઓ, ગાયનેકઓ, બાળરોગ તજજ્ઞો સહિતના તબીબો તેમજ આરોગ્યતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટ ક્ષત્રિય સંમેલનમાં કાઠી સમાજને ખુલ્લો ટેકો આપતા અડતાળા સ્ટેટ જીતુભાઈ વાળા

અમરેલી, તા. ૧૬

અડતાળા સ્ટેટ જીતુભાઈ વાળાએ રાજકોટનાં ક્ષત્રિય સંમેલનમાં જણાવ્યું હતું કે આપણે સૌએવા વર્ગમાંથી આવીએ છીએ કે દેશની સભ્યતા અને સંસ્કૃતિનો જતન કર્યુછે આપણેનિઃસ્વાર્થ ભાવે દેશની જનતાનું રક્ષણ કર્યુ છે આપ સૌને બતાવતા ગૌરવ અનુભવ છું કે સરદાર પટેલના અખંડ ભારતના સપનાને સાકાર કરવા આપણા રાજવીઓએ પ્રેમથી પોતાના રજવાડા આપી આપી દીધા છે અને આવી ખમીરવંતી જ્ઞાતિને આપણે સૌ પનોતા પુત્ર છીએ અને દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહઢ મને યાદ છે ત્યાં સુધી ૧૯૫૨માં ખેડે તેની જમીનનો કાયદો બનાવી અને ખેતીની જમીનથી વંચિત લોકોને હજારો અને લાખો એકર જમીન આપણા ગરાસદારોએ જમીનદારો ને આપેલી છે આવી પરોપકાર કરનારી ક્ષત્રિયજ્ઞાતિને આજે કલંકિત કરવાનું કામ પુઢષોત્તમભાઈ રૂપાલાએ કર્યુછે તે ક્ષમાને પાત્ર નથી.



જિલ્લા રઘુવીર સેના દ્વારા તૈયારીઓ

# અમરેલી ખાતે આગામી જુનમાં સમુહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ યોજાશે

## ૩૧ બાળકો યજ્ઞોપવિત સંસ્કારમાં જોડાશે

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં જીલ્લા રઘુવીર સેના ની સંકલન સમિતિ ની બેઠક મળ ી.''સમુહ યજ્ઞોપવિત સંસ્કાર''નું ભવ્ય આયોજન નકકી કરવામાં આવ્યું.

જેમાં અમરેલી જિલ્લાના રઘુવીર સેનાના સભ્યોએ હાજરી આપી. આ સંકલન સમિતિની બેઠકમાં આવતા જૂન માસમાં અમરેલી શહેર ખાતે યોજનારા ''સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર''ના પવિત્ર કાર્યક્રમ અંતર્ગત ની ચર્ચા કરવામાં આવી.

સમૂહ જનોઈ જેવો ભવ્ય પ્રોગ્રામ અમરેલી જિલ્લામાં ૨૧ બડવાઓની સંખ્યા સાથે આયોજન કરવાનો જે નિર્ધાર રઘુવીર સેના દ્વારા કરવામાં આવેલ તેમાં જલારામ બાપાની પરોક્ષ હાજરી હોય તેવી રીતે ૨૧ ને બદલે ૩૧ બડવા નોંધાય ગયા. ખૂબ જ ઓછા સમયમાં આટલી બહોળી સંખ્યાને રઘુવીર સેનાના રઘુવીર સૌનિકોએ હર્ષ સાથે વધાવી લીધેલ છે.

આ કાર્યક્રમને સુંદર રૂપ આપવા માટે રઘુવીર સૌનિકો દ્વારા ચર્ચા વિચારણા કરવામાં આવી અને અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાના રઘુવીર સૈનિકોને અલગ અલગ પ્રકારની કામગીરી ફાળવવામાં આવેલ છે. આ પ્રસંગો ભાવેશભાઈ સોઢા, સંજયભાઈ વણઝારા અને રોહિતભાઈ જીવાણી વગેરે એ હાજરી આપી રઘુવીર સૈનિકોને અભિનંદન પાઠવેલ..

અમરેલી જિલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા તેમજ અમરેલી શહેર રઘુવીસેનાના પ્રમુખ પિયુષભાઈ સોનપલ અને અમરેલી જિલ્લા ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, મહેશભાઈ મશરૂભાઈ તેમજ પ્રિતેશભાઈ માનસેતા દ્વારા આ સંકલન મીટીંગ સંચાલિત કરવામાં આવેલ હતી.

# ચલાલા ગાયત્રી સંસ્કારધામના વડા પૂજય રતિદાદાને મળી ડોકટરેટ (પી.એચ.ડી.) ની પદવી



ચલાલામાં ગાયત્રી સંસ્કાર ધામ ના વડા પૂજય રતિદાદાને મળી ડોકટર (પી.એચ.ડી.)ની પદવી ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ કે જેના શિલ્પી રતિદાદાને યુરોએશન યુનિવર્સિટી દ્વારા માનવતા અને સમુદાય કલ્યાણ ક્ષેત્રમાં અવિશ્વાસનીય સમર્પણ અને અને સીદ્ધિઓ માટે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવન, ગ્લોબલ સાયન્ટિસ ડો. રોશન યુનિવર્સિટીના ચાન્સલર ડીન તેમજ વગેરે મહેમાન વરદ હસ્તે રતિદાદા તે ડોકટર (પી.એચ.ડી.)ની પદવી આપવામાં આવી. ચલાલામાં દાદાના સાનિધ્યમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલજ, ગૌશાળા, વૃદ્ધાશ્રમ, અનાથઆશ્રમ, રામ હોસ્પિટલ તેમજ દર મહિને આરોગ્ય લક્ષી કેમ્પો, સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન સાથે સાથે ધાબળા વિતરણ, ચપ્પલ વિતરણ, વિધવા બહેનોને સાડી વિતરણ, વિધવા બહેનોને પ્રવાસ, છાસ વિતરણ ગરીબોને રાશન કીટ વિતરણ, ગરીબોને જમણવાર, ચકલીના માળા, પાણીના કુંડા જેવી સમાજ કલ્યાણની સેવાઓ રતિદાદાના વરદ્ હસ્તે કરવામાં આવે છે સાથે સાથે પુષ્પવન સંસ્કાર, અન્નપ્રાશન, યજ્ઞો પવિત, ગાયત્રી યજ્ઞ ગુજરાત સરકાર દ્વારા રતિદાદા ને ૨૦૦૪ અને ૨૦૦૬માં સન્માનિત કરવામાં આવ્યા હતા.

### માધુપુરનાં રસ્તે જંગલ વિસ્તારમાં

# ધારીનાં જીરાડંગા વિસ્તારમાં રહેતી પરિણીતાએ પ્રેમી સાથે ઝેરી દવા પીધી

## ૫ એપ્રિલનાં બનેલ ઘટના હવે જાહેર થઈ

અમરેલી, તા. ૧૬

ધારી તાલુકાના જીરા ડંગા વિસ્તારમાં રહેતા સોનલબેન ભીખુભાઈ ચારોલીયા નામની ૩૨ વર્ષિય પરિણીતાને તેમના ગામના અીનભાઈ ભરતભાઈ ચારોલીયા સાથે પાંચ-છ મહિનાથી પ્રેમ સંબધ થઈ ગયેલ હોય અને બંને અવાર-નવાર મળતા હોય. પરંતુ તેણીના પતિ તથા સગા વ્હાલા ઘરે હાજર હોય તો તેણી મળવા માટે જઈ શકતા ન હોય અને તેણીનો પ્રેમી પરિણીતાને કહેતા હોય કે તું મળવા નહી આવે તો હું દવા પી જઈશ. બાદમાં આજથી દસેક દિવસ પહેલા તેણીને તેના પ્રેમીએ મળવા માટે બોલાવેલ અને ગત તા. ૫ ના રાત્રીના આશરે ૧૨ વાગ્યે ધારીના માધુપુરના રસ્તે જંગલમાં લઈ જઈ તેણીના પ્રેમીએ ખીચામાંથી નાની બોટલ કાઢી, તેણીને કહેલ કે આ બોટલમાં દવા છે. તેમ કહી તેણીના પ્રેમીએ તે દવા પી લેતા તેણીને બીક લાગતા તેણીએ પણ બોટલમાંથી પોતાની મેળે ઝેરી દવા પી લીધાનું પોલીસમાં તેણીએ જાહેર કરેલ છે.

### જિલ્લાના બિલ્ડર લોબીમાં ચકચાર જગાવતી ઘટના

# અમરેલીમાં બાંધકામનો વ્યવસાય કરનાર સાથે ૮ ઈસમોએ ૨૧ કરોડનો વિશ્વાસઘાત કરતા ફરિયાદ

## તાલુકા પોલીસે ૫ મહિલા સહિત ૧૦ વ્યકિત સામે ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં બાંધકામનો વ્યવસાય કરનાર બિલ્ડર સાથે પાંચ મહિલા સહિત ૧૦ વ્યકિતઓએ રૂપિયા ૨૧ કરોડની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ બિલ્ડરે તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે અમરેલીના બિલ્ડર મહેશભાઈ ભવાનભાઈ કાબરીયા એ આરોપી રાજેશભાઈ કાબરીયા, ભાવનાબેન તળાવીયા, ઋત્વીક તળાવીયા, સન્ની તળાવીયા, સવિતાબેન તળાવીયા, ભાનુબેન તળાવીયા, નીતાબેન તળાવીયા, ચંપાબેન તળાવીયા, સુર્યકાંતભાઈ તળાવીયા અને સંજયભાઈ તળાવીયા સહિત ૧૦ વ્યકિતઓ પાસે લીલીયા માર્ગ ઉપર આવેલ જે સીમંધર પાર્ક તરીકે ઓળખાતી જમીનનાં જુદા-જુદા નંબર ધરાવતા પ્લોટ ૨ વેચાણ કરીને ફરિયાદી પાસેથી રૂપિયા ૨૦ કરોડ, ૨ લાખ, ૧૧ હજાર ૮૪૩ મેળવી લઈ ફરયિાદી તથા તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી બાનાપેટે રૂપિયા એક કરોડ ૧૦ લાખ ૭ હજાર ૩૫૭ કઢાવી લઈ કુલ રૂપિયા ૨૧ કરોડ ૩ લાખ ૧૯ હજાર ૨૦૦ વ્યાજ સહિત પડાવી લઈ અને વધુ વ્યાજ પેટે રૂપિયા ૩ કરોડની માંગણી કરી પઠાણી વ્યાજની વારંવાર ઉઘરાણી કરી ધમકી આપી એક બીજાએ ગુન્હો કર્યાની ફરયિાદ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે.

### રેન્જ અધિકારીએ કરી કામગીરી

# સાવરકુંડલાનાં ગોરડકાના રેવન્યુ વિસ્તારમાં આરક્ષિત વન્ય જીવની હત્યા કરનાર વધુ એક આરોપીની અટકાયત

## ગુન્હામાં અગાઉ બે આરોપીઓ ઝડપાઈ ચુકયા છે

અમરેલી, તા. ૧૬



સાવરકુંડલા નોર્મલ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફીસર પ્રતાપ.એન. ચાંદુ, રાઉન્ડ ફોરેસ્ટર યાસીન.ઓ. જુણેજા, પ્રદીપસિંહ.વી. ચાવડા તથા ફો.ગાર્ડ, આર.એન. ચાંદુ તેમજ ફો.ગાર્ડ, જી.જી. ભમ્મર, ફો. ગાડ એસ.બી. સાંડસુર અને સાવરકુંડલા રેન્જ સ્ટાફ દ્વારા રેવન્યુ વિસ્તારોમાં વન્યજીવોની સુરક્ષાની તકેદારીના ભાગરૂપે સઘન તપાસની કામગીરી હાથ ધરેલ હતી. જેમાં તા. ૧/૪/૨૪ના રોજ સાવરકુંડલા તાલુકા હેઠળના નાનીવડાળ અને સાવરકુંડલા રેવન્યુ બીટના વિસ્તારમાં ફેરણા દરમ્યાન શંકાસ્પદ લોકોની હિલચાલ જણાતા સઘન તપાસ કરતા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ના શેડયુલ-૧ નાં પાર્ટ-સી હેઠળ આરક્ષિત વન્ય જીવ લીલો કાચિંડો (ઈન્ડિયન કેમેલીયન), નાગ (ઈન્ડિયન કોબ્રા) ને પકડી મોબાઈલમાં ફોટોગ્રાફી કરેલ તથા શેડયુલ-૧નાં પાર્ટ-સી હેઠળ આરક્ષિત વન્ય જીવ ધ્રામણ (કોમન રેટ સ્નેક) ને આરોપી દ્વારા હાથ વડે પકડી લાકડી વડે મારી મૃત્યુ નીપજાવેલ. જે અન્વયે સાવરકુંડલા રેન્જ ના સાવરકુંડલા રાઉન્ડ

અનુસંધાન પાના ૬ ઉપર

### સમિતિનાં અધ્યક્ષને કામ આવી પડતા

# બગસરામાં શાંતિ સમિતિની બેઠકનું થોડી મિનિટોમાં સમાપન

## આગેવાનો અને પત્રકારોમાં કચવાટ

બગસરા, તા. ૧૬

બગસરા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની મીટીંગની ફોન દ્વારા જાણ કરી આગેવાનો તથા પત્રકારોને બોલાવવામાં આવ્યા હતા. જેમાં ૧૧ નો ટાઈમ આપ્યો હતો અમુક આગેવાનો પત્રકારો ૧૧ ને ૧૨ મિનિટ પહોંચતા શાંતિ સમિતિની મીટીંગ પૂર્ણ થઈ ગઈ તેમ કહી અને ખુરશીઓ

અનુસંધાન પાના ૬ ઉપર

### શહેરીજનોની માંગ પુર્ણ કરવામાં આવી

# રાજુલામાં પાલિકા દ્વારા નોનવેજની દુકાનોને સીલ કરવામાં આવી

## પાલિકા અને પોલીસ કર્મીઓની કામગીરી

રાજુલા, તા. ૧૬



રાજુલા નગરપાલિકામાં અવારનવાર રાજુલા શહેરના મધ્ય ભાગમાં જીવા બાપુ ચોક વિસ્તારમાં માસ મટન વેચતા હોવાની ફરિયાદો આવતી હતી એ અનુસંધાને રાજુલા નગરપાલિકા દ્વારા વેપારીઓને મૌખિક તેમજ લેખિત નોટિસ આપવામાં આવેલ હતી પરંતુ વેપારીઓ દ્વારા કોઈપણ જાતની કાળજી લેવામાં ન આવતા રાજુલા નગરપાલિકાએ છેલ્લી નોટિસ સોશિયલ મીડિયા તેમજ લેખિત મૌખિક આપવામાં આવી અને અંતિમ તારીખ ૩૧.૦૩.૨૦૨૪ આપવામાં આવેલી પરંતુ આ અંતિમ સમય બાદ પણ વેપારીઓ દ્વારા પોતાનો ધંધો ચાલુ રાખતા રાજુલા નગરપાલિકા દ્વારા આજે ચીફ ઓફિસર બોરડની સૂચનાથી રાજુલા પોલીસ બંદોબસ્ત સાથે આજે રાજુલા શહેરમાં જીવાબાપુ ચોકમાં ચાર દુકાનોને સીલ મારવામાં આવેલ ત્યારે ચીફ ઓફિસરે જણાવેલું કે જો હવે પછી આ કોઈપણ શહેરી વિસ્તારમાં આવી ઘટના બનશે તો કડક કાર્યવાહી કરવાની ફરજ પડશે આજની આ કામગીરીમાં રાજુલા નગરપાલિકાના ચીફ ઓફિસર એચ. પી. બોરડ તેમજ દીપકભાઈ તલાટી અજયભાઈ ગોહિલ, કમલેશભાઈ વ્યાસ, કમલેશભાઈ મહેતા, પ્રભાતભાઈ જોશી, ચંપૂભાઈ બસિયા, યોગેશભાઈ ગોસ્વામી, જયભાઈ પરમાર, મહેશભાઈ ખુમાણ તેમજ સમગ્ર નગરપાલિકા સ્ટાફ તેમ રાજુલા પોલીસ સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલો હતો.
























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)